## પ્રકરણ - ૩

## ભી. ન. વણકરની વાર્તાઓ : વસ્તુ અને કલાપક્ષ

---

ભી. ન. વણકરનો જન્મ તા. ૧. ૫. ૧૯૪૨ ના રોજ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સુંદરપુર ગામે થયેલ. તેઓ ગુજરાતી-હિન્દી વિષય સાથે એમ.એ. કરીને એલએલ.બી.નો અભ્યાસ કરી રાજ્યપત્રિત અધિકારી તરીકે ફરજ બજાવી હાલ નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે. ગુજરાતી સાહિત્યમાં એમનું પ્રદાન માત્ર દલિત વાર્તા પૂરતું નથી પરંતુ વિવિધ સ્વરૂપોમાં, સાહિત્યનાં વિવિધ ક્ષેત્રોમાં એમનું પ્રદાન નોંધપાત્ર બની રહ્યું છે. 'યાદ' (૧૯૯૩), 'ઓવરબ્રિજ' (૨૦૦૧), 'અનુબંધ' (૨૦૦૪), 'મૌનના મુકામ પર' (૨૦૦૯) જેવા કાવ્યસંગ્રહો આપનાર ભી. ન. વણકર પાસેથી 'વિલોપન' (૨૦૦૧) નામે વાર્તાસંગ્રહ મળે છે. તો 'ચીસ' (૨૦૦૬) શીર્ષકથી લઘુકથાસંગ્રહ પણ પ્રાપ્ત થાય છે. વિવેચનક્ષેત્રે પણ એમનું પ્રદાન છે. 'પ્રત્યાયન' (૨૦૦૧), 'અનુસંધાન' (૨૦૦૧), 'નવોન્મેષ' (૨૦૦૩), 'પર્યાય' (૨૦૦૪), 'દલિત સાહિત્ય' (૨૦૦૫) અને 'વિવૃત્તિ' (૨૦૦૮) જેવા વિવેચનસંગ્રહો થકી ભી. ન. વણકરનું નામ વિવેચનક્ષેત્રે જાણીતું છે. ગુજરાતી દલિત સાહિત્યમાં તેઓ પ્રથમ હરોળના વિવેચક તરીકે પ્રસ્થાપિત થયા છે. 'દલિત સાહિત્ય' એ એમનો ગુજરાતી દલિત સાહિત્યનો ઇતિહાસ સંબંધી ગ્રંથ મહત્ત્વની વિગતો પૂરી પાડે છે. આ ઉપરાંત કાવ્યાસ્વાદસંગ્રહ મળે છે જે 'યથાર્થ' (૨૦૦૩), 'સૂર્યાવન' (૨૦૦૬), 'સૂર્યાનુભૂતિ' (૨૦૦૯) શીર્ષકથી પ્રકાશિત થયા છે. ૨૦૦૩માં 'રણદ્વીપ' શીર્ષકથી રેખાચિત્રોનો સંગ્રહ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત એમની પાસેથી 'અનુચ્છેદ' (૨૦૦૪) નામે નિબંધસંગ્રહ અને 'અનહદ' (૨૦૦૭) શીર્ષકથી સંતચરિત મળે છે. વર્ષ ૨૦૦૧માં આ લેખકને રાજસ્થાન સાહિત્ય અકાદમી પ્રેરિત ગુજરાત સાહિત્ય સંગમનો આંતરભારતીય તેમજ સામાજિક

સાહિત્ય-બંધુત્વ નારાયણ ગુરુ એવોર્ડ પ્રાપ્ત થાય છે. તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકારશ્રીનો સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ પણ (વર્ષ ૨૦૦૪-૦૫) મળ્યો છે.

ભી. ન. વણકરનું નામ દલિત સાહિત્યક્ષેત્રે આદરપૂર્વક લેવાય છે. લેખનનો ગ્રાફ જોતા કહી શકાય છે કે આ લેખકે કવિતા, વાર્તા, લઘુકથા જેવાં સાહિત્ય સ્વરૂપો પર કામ કરીને દલિત સાહિત્યક્ષેત્રે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. માત્ર ગુજરાતી કે માત્ર દલિત ગુજરાતી ધારાના સાહિત્યક્ષેત્રમાં સીમિત રહીને આ લેખકે કામ નથી કર્યું પરંતુ જુદા જુદા પ્રાંતની અને વિદેશની કવિતાઓના આસ્વાદો કરીને ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

પ્રસ્તુત પ્રકરણમાં ભી. ન. વણકરની દલિત વાર્તાઓને આધારે ગુજરાતી દલિત વાર્તાક્ષેત્રે એમણે કરેલા પ્રદાનને મૂલવીને સમીક્ષાત્મક અભ્યાસ કરવાનો ઉપક્રમ છે.

ભી.ન. વણકર પાસેથી વિલોપન વાર્તાસંગ્રહમાં ૧૪ વાર્તાઓ મળે છે. જેમાં આવિષ્કાર, સાઈક્લોન, કાળીટીલી, હરિ ઓમ્ શરણ, પગ, ઓઝટવા, લક્ષ્મણરેખા, ધારાવાઈ, પૂર્વજોપનિષદ, વંટોળ, હજુ હરણિયુંય આથમ્યું નથી ! જેવી વાર્તાઓ સમાવેશ પામી છે. એમની વિલોપન, ગોરું ચંદન, સાઈક્લોન, હરિ ઓમ શરણ, ઓઝટવા, ધારાવઈ અને વંટોળ વગેરે વાર્તાઓમાં દલિત સંવેદન તીવ્રપણે રજૂ થયું છે.

'વિલોપન' સંગ્રહની પ્રથમ વાર્તા છે. આ વાર્તામાં અતિ ગરીબીનું વેધક આલેખન થયેલું જોવા મળે છે. વાર્તાનો નાયક ઈસલો છે. વાર્તાની શરૂઆતનો ઈસલો, એની સ્થિતિ અને અંતે આત્મહત્યા કરતો આ નાયક બચાવો.....બચાવોની જે બૂમો પાડે છે એમાં એક પછી એક ઘટનાઓ આકાર લે છે. નાયક આત્મહત્યા

કરે છે તે આકસ્મિક નથી. એ મેલોડ્રામેટિક પણ નથી જણાતી. આત્મહત્યાની ઘટના અહીં વાસ્તવ સાથે સંકળાયેલી છે. વાર્તાની શરૂઆતમાં જીવનને પૂરી નિસબતથી જીવવા માગતો નાયક ગરીબીને કારણે કેવો તો આત્મહત્યાનો સહારો લે છે એનું નિરૂપણ સર્જકચેતનાનો વિશેષ બની રહે છે.

વાર્તાના પ્રથમ ફકરામાં આલેખાયું છે તેમ ગામ આખું સીમમાં હંકારી જવા જેટલો ઉત્સાહ અને ઉતાવળ ઈસલાના પગમાં હતાં. નાયક જાગૃત છે. ઘરનું દેવું કેવી રીતે ભરવું એની એને ખબર છે. વાર્તાની શરૂઆતમાં ખ્યાલ આવે છે કે ‘ઈસલાને જોવા માટે મહેમાન આવવાના છે.’ એના બીજી વારના લગ્ન છે એ પણ સૂચિત થઈ જાય છે. ઈસલાને જવાબદારીનું પૂરું ભાન છે. પોતાની બેનનું ઠેકાણું પડ્યું છે એનો હરખ છે. બીજી બાજુ પોતે ભણ્યો છે પણ નોકરીનું ઠેકાણું નથી એનો વસવસો પણ છે.

ઈસલો અને મફલાના સંવાદમાં વાર્તાની એક પછી એક ઘટનાઓ આકાર લે છે. આટલા બધા બેકાર છે એમાંનો હું એક વધુ બેકાર એવી વાત કરીને એ આશ્વાસન લે છે. ‘આપણું નામ પડછઅ કે લોકો નાકનું ટેરવું ચડાવ છઅ એની બંનેને ખબર છે. એમાં રોષ પણ પ્રગટ થાય છે. આપણું શબ્દ દ્વારા વ્યક્ત થતો ધ્વનિ નોંધવા જેવો છે. હક્કનું મળવાપાત્ર છે. એ ન મળે ત્યારે રોષ બેવડાય છે. અધૂરામાં પૂરું સરપંચનો પણ સાથ નથી એ વાત એના સંવાદોમાં વ્યકત થાય છે. ‘સરપંચ એટલે આખા ગામનું પરપંચ’ એમ કહેતાં એમાં ગામડાગામના કાવદાવા આડકતરી રીતે વ્યક્ત થાય છે. ગામડામાં કેવો ભ્રષ્ટાચાર ચાલે છે, ગરીબ માણસ બધુંય જાણે પણ બોલી ન શકે ત્યારે અંદરોઅંદર વાત કરીને રોષ વ્યક્ત કરે છે એ સંવાદોમાં વ્યક્ત થાય છે. દલિત વર્ગમાં આવેલ જાગૃતિ પણ આ સંવાદો દ્વારા જોવા મળે છે. દા.ત. સરકાર બાથરૂમ નઅ ચૂલા માટેય આપણનંઅ સહાય આપ છઅ તેમાંયે ? - એમાં ચાલતો ભ્રષ્ટાચાર, કનડગત આ બધું વાતવાતમાં પ્રગટ

થાય છે. ઘરમાં રાંધવા માટે લોટ નથી. એકબાજુ મહેમાનો આવવાના છે, લાઈનનો કોક બંધ કરી દેવાને લીધે પાણી પણ નથી- આનાથી ત્રસ્ત દશા કઈ હોઈ શકે ? આવી કપરી પળોમાંય નાયકના મોઢા પર હાસ્ય રેલાય એવા સંવાદો એના સુખની ગવાહી પૂરે છે. આ જનમારામાં ત્રાસ ભલે વધારે પડતો હોય પણ સાથી મજૂરના બોલાયેલા ‘પેલી તો રઈ નઈ પણ બીજી....‘ જેવાં વાક્યોથી ઈસલો મરક મરક હસી લે છે. ભાઈબંધો મશ્કરી કરે છે.

ઘરનાં ઠેકાણાં નથી ત્યાં નાયકના કાકા મીલ બંધ થવાથી પોતાને ત્યાં રહેવા આવવાના છે એ જાણવા મળે છે એની ચિંતા, મૂંઝવણ નાયકના ચહેરા પર દેખાય છે. ઘરે પહોંચતા પહેલા એના કાને અનેક અવાજો અથડાય છે. એનાથી નાયક ત્રસ્ત તો છે જ અને ઘરમાં આવ્યા પછી માનાં વેણ અને લાઇટરમાં કેરોસીન પૂરવાની ઘટનાઓ સાહજિક લાગે છે. એકાએક ઘટના વેગ પકડે છે. કેરોસીનનો શીશો તે પોતાના પર ઢોળી લાઇટર પેટાવે છે. ભડકે બળતો નાયક બચાવો.....બચાવોની બૂમો પાડે છે. પણ લેખક કહે છે તેમ ‘દુનિયાનો દાવાનળ તેની ઉપર ફરી વળ્યો હતો’

નાયકનું આ રીતનું મૃત્યુ કરુણને વધુ ઘેરું બનાવે છે. આગની જ્વાળાઓમાં ભડભડ બળતા યુવાનની વ્યથાનું સાંગોપાંગ આલેખન કરતી આ વાર્તા એક દલિત યુવાનની વાત તો કરે જ છે સાથે સાથે ઈસલા જેવા અનેક બેકાર યુવાનોની વ્યથાઓનું એ પ્રતિબિંબ ઝીલે છે. ચારે બાજુથી નાસીપાસ થયેલા નાયક પાસે મૃત્યુ સિવાય બીજો કોઈ રસ્તો નથી. ક્યારેય મૃત્યુનો વિચાર ન કરતો નાયક આમ તો ખુશ છે પણ અભાવોની દુનિયા એને નાસીપાસ કરે છે. એક તૂટે તો તેર સાંધે જેવી એની સ્થિતિ છે. મૃત્યુ વખતની એની બૂમો બહેરા કાનોમાં અથડાઈને પાછી ફરે છે. ડો. સિલાસ પટેલિયા ‘વિલોપનની વાર્તાસૃષ્ટિ’ લેખમાં કહે છે : ‘વિલોપન’નો નાયક બેકારીને કારણે અંતે સળગી મરે છે, એની હતાશાના મૂળમાં એ જ્યાં છે એ

પરિવેશ અને એનું દલિત હોવું પણ કારણભૂત છે. એનું મનોગત અહીં વેધક રીતે રજૂ થયું છે.[૪૮]

'ગોરું ચંદન' વાર્તાનું શીર્ષક પ્રતીકાત્મક છે. ગાયના શરીરમાંથી મેળવાતા એક પદાર્થને ગોમટ તરીકે ઓળખવામાં આવે છે. નાનાં બાળકોને થતી વરાધમાં એનો ઉપયોગ દવા તરીકે થાય છે. કહેવાતી અસ્પૃશ્યતાને દૂર કરવામાં એ પદાર્થ નાકામિયાબ નિવડે છે. એનાથી રોગ દૂર થાય છે પણ નબળી માનસિકતાને મિટાવવા ગોરું ચંદન ખપમાં આવતું નથી. વાર્તાના એક પાત્ર કચરાને રામીબહેને નાનપણમાં પોતાના દૂધમાં ભેળવીને ગોરું ચંદન પીવડાવેલું અને સ્તનપાન કરાવેલું. આ કચરાની બાળસહજ ઈર્ષાથી જ રામીબહેનનો પુત્ર લાલિયો ઘોડિયામાંથી નીચે પટકાઈને મૃત્યુ પામ્યો હતો. એ જ કચરો રામીબેનને પૈસા ઊંચે હાથે આપવા પ્રયત્ન કરે અને જેના દૂધે પોતે ઉજળો છે એનાથી અભડાઈ ગયાની ફરિયાદ કરે એ સ્થિતિ રામીબેનને એવા વિચાર પર લાવે છે કે 'આના કરતા કચરાને ન બચાવ્યો હોત તો મારો લાલિયો તો જીવતો હોત.' લેખકે ફ્લેશબેક પદ્ધતિથી મૂકેલા લાલિયાના મૃત્યુની ઘટનાનું વાર્તાંતે રામીબેનના વાક્ય દ્વારા કચરાના મૃત્યુના વિચારમાં રસઘન રૂપાંતર થાય છે એ ઉપકારની સામે અપકાર અને આભડછેટની ગતિવિધિનું વાર્તામાં કેમેરામાં ઝિલાતાં દૃશ્યો પેઠે નિરૂપણ થયું છે. ડૉ. સિલાસ પટેલિયા 'વિલોપનની વાર્તાસૃષ્ટિ' લેખમાં કહે છે કે : 'ગોરું ચંદન'માં અસ્પૃશ્યતાનો મુદ્દો છે. આજે એ ભલે એટલો પ્રસ્તુત ન લાગે પરંતુ જે રીતે એમાંથી એક નારીના હૈયામાં વેદના જન્મે છે તે વેદના અહીં જે કળારૂપ ધારણ કરે છે, એ વાર્તાને કળાત્મકતા અર્પે છે.[૪૯]

---

૪૮. શબ્દસૃષ્ટિ, તંત્રી : હર્ષદ ત્રિવેદી, મે ૨૦૦૪, પૃ. ૬૧

૪૯. એજન

'સાયક્લોન' વાર્તામાં પરીક્ષા અને લગ્નની દ્વિધામાં અટવાતા કાનજીની વાત છે. પત્રમાં ઠલવાયેલી વ્યથા કાનજીના ચિત્તને બરોબર રજૂ કરે છે. વચ્ચે પત્ની પૂજા અને કાનજીના સંવાદો મુકાયા છે. તો રામુ મતાદારની દીકરી કંકુડી કાનજીને કોઈ પણ શરતે દિલ દઈ બેસે છે ને કાનજીએ પીધેલ એંઠું પાણી ગટગટાવી જાય છે. વાર્તામાં પૂજાના પત્ર દ્વારા ભાવિ જીવનનો આનંદ ને પરિસ્થિતિ રજૂ થઈ છે. પરિસ્થિતિવશ કંકુડી કૂવો પૂરે છે ને ગામમાં ઢોલ વાગે છે. કાનજીને ગુનેગાર સમજતાં ગામમાં તોફાનના ભણકારા સંભળાય છે. પણ પછી તરત બધું શાંત થઈ જાય છે. સાયક્લોન ભલે બંધ થઈ ગયું પણ કાનજીના મનમાં તે ચકરાવો લે છે ને વાર્તા પૂરી થાય છે.

ડૉ. સિલાસ પટેલિયા કહે છે તેમ અહીં પ્રેમ અને વિચ્છેદમાંથી જન્મ પામતી વેદનાનું રૂપ જોવા મળે છે. વાર્તામાં નાયકના ચિત્તમાં એક ભારે વંટોળ જામે છે એનું આલેખન આસ્વાદ્ય છે.[૫૦] કંકુની આત્મહત્યાની ઘટના નિરૂપી દલિતો પર હુમલાની ઘટનાને શાંત કરી લેખક વાર્તાને નવું પરિમાણ બક્ષે છે. પ્રા. મયંક જે. શાહ 'વિલોપન' વાર્તાસંગ્રહની સમીક્ષામાં આ વાર્તા સંદર્ભે લખે છે કે : વાર્તાકારે કથાનું કલાત્મક રીતે કલામાં નિરૂપણ કર્યું છે. જે વાર્તાના અંતભાગમાં સર્જક હોવાની પ્રતીતિ કરાવે છે. સાયક્લોનનું પ્રતીક કથામાં ઓગળી ગયું છે.[૫૧] 'આવિષ્કાર' અને 'સાયક્લોન' બંને વાર્તાઓનો પ્રો. કલ્યાણ વૈષ્ણવે હિન્દી અનુવાદ પણ કર્યો છે.[૫૨]

'આવિષ્કાર' વાર્તા દ્વારા લેખકે પતિ-પત્નીમાં રોપાતી શ્રદ્ધા સાથે દલિત-અદલિત વચ્ચેની ખાઈ કઈ રીતે પૂરી શકાય તેની સરળ શબ્દોમાં રજૂઆત કરી છે.

---

૫૦. શબ્દસૃષ્ટિ, તંત્રી : હર્ષદ ત્રિવેદી, મે ૨૦૦૪, પૃ. ૬૨

૫૧. વિવિધાસંચાર, સંપા, પુંડલિક પવાર, ઓગસ્ટ-સપ્ટે. ૨૦૦૭, પૃ. ૨૬

૫૨. વણકર ભી. ન., વિલોપન, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૧, પૃ. ૯

આવિષ્કાર એટલે શોધ એવો દેખીતો અર્થ થાય છે. અહીં સમાજસુધારા માટે લેખકના પ્રયત્નો- એ અર્થમાં આવિષ્કાર છે. વાત સાવ સાદી છે. પત્ની ખૂબ પૈસાદાર ઘરની છે. ઉંચું કુળ છે અને પછીથી ઘર છૂટી થયેલ છે. એ નાયક 'અમથા' એટલે કે અપૂર્વની શ્રદ્ધા બની રહે છે એ પરિસ્થિતિ સાથે તાગ મેળવે અને અપૂર્વની સંગાથી બની રહે છે. વાર્તામાં થોડાં દૃશ્યો દ્વારા લેખકે બીજી કોઈ પણ આડવાત સિવાય ચાલીથી સોસાયટી સુધીની વણઝાર દર્શાવી છે. બે સમાજ, જેને આપણે દલિત-અદલિતના નામે ઓળખીએ છીએ એમની વચ્ચે સેતુરૂપ બની રહેવા માટે બંને પક્ષે શ્રદ્ધા અને અપૂર્વ જેવાં યુવતી-યુવાનો મળતાં રહેશે તો સમાજઉત્કર્ષનું કામ ઘણી જ સરળતાથી થશે.

વાર્તાનું વસ્તુ એટલું સરળ છે કે દરેક વાચકને પ્રથમ વાચને સ્પર્શી જાય છે. વાર્તાઆરંભે વાર્તાના નાયકનો પરિચય થાય છે. એના રસ-રુચિનો પરિચય થાય છે. પોતે કચેરીમાં પટાવાળા તરીકેની નોકરી કરે છે પણ ઘરે જતા રસ્તામાં પોતે અહીં તહીં ઊભો ન રહેતા બુક સ્ટોલ પર ઊભો રહે છે. રિચાર્ડ બાકનું જોનાથન લિવિંગ્સ્ટન સીગલ પુસ્તક ખરીદે છે. પચ્ચીસ વર્ષના લગ્નજીવન પછી બંને ખુશ છે. વાર્તાના બીજા ખંડમાં લેખક ફ્લેશબેક ટેકનિકથી નાયક-નાયિકાનાં ૨૫ વર્ષ પહેલાના ગાળાને તાદૃશ કરાવે છે. નાયકનું કોલેજજીવન ને ગામનું સ્મરણ લેખકે થોડા શબ્દોમાં વર્ણવ્યું છે.

જીવન જીવવાની વિશિષ્ટ પ્રકારની એ સમયની રીતભાત અને કોલેજજીવનનો ઉન્માદ નાયકને અનેક રીતે, અનેક દિશાઓમાં વિચાર કરવા પ્રેરે છે. જિંદગીની આડે આવતી દીવાલોને ઓળંગી આગળ વધવાની ખેવના, સમાજના સંકુચિત વાડા, જ્ઞાતિની અલાબલા, ધર્મની અંધશ્રદ્ધા આ બધું એક શિક્ષિત વ્યક્તિ તરીકે એ જોઈ શકે છે. લોકોની નજરે પોતે ગમે તેવો ગાંડો, નાસમજ હોય પણ નાયકની દરેક વ્યક્તિને હોય છે એમ પોતાની એક અલગ દુનિયા હતી.

પછીના ખંડમાં નાયકના નામનો પરિચય મળે છે. લોકો એને અમથો કહેતા પણ સમય જતા અમથામાંથી અપૂર્વ બની ગયો. શ્રદ્ધા સાથે એના લગ્ન થાય છે. શ્રદ્ધા સોહાગણ બનીને એની ચાલીમાં પ્રવેશ કરે છે ત્યારે જાણે ધરતીકંપ થયો હોય એવો હોબાળો થઈ જાય છે. અલબત્ત ચાલીમાં બધાં ખુશ છે. નવી વહુ આવી છે. સમાજના લોકોમાં ગણગણાટ થાય છે. પણ 'પડશે એવા દેવાશે' એ ન્યાયે સમય જતાં વાતાવરણ નોર્મલ થાય છે.

વળી એક નાનકડા ખંડમાં લેખકે ચાલીનું જનજીવન તાદૃશ કરાવીને એની ક્રિયાઓ વર્ણવી છે. ત્યારબાદ તુરંત અપૂર્વ-શ્રદ્ધાના દિવાનખંડનું, એની વાસ્તવિક જિંદગીનું ચિત્ર સ્પષ્ટ કર્યું છે. નાયક ભાડાના ઘરમાં રહે છે. ઘરની સ્થિતિ સામાન્ય છે. પ્રથમ રાત છે ને થોડા શબ્દોમાં વર્ણવાયું છે કે નાયિકા શ્રદ્ધા ઠોકર ખાઈ બેઠેલી નારી છે. એનેય પોતાની દુનિયા છે. કેવી સ્થિતિમાંથી પોતે પાછી ફરી છે એના થોડા લસરકા ને પોતાને સ્વતંત્ર જીવન જીવવાનો અધિકાર છે એ ન્યાયે કોઈની પણ પરવા કર્યા વગર પોતે પાછી ફરે છે પણ એમાંથી જાગે છે વિદ્રોહ જે એને ધર્મની, જ્ઞાતિની, સમાજની તમામ લક્ષ્મણરેખા ઓળંગવા મજબૂર કરે છે.

આ પછી વાર્તાનો જે ખંડ વર્ણવાયો છે એમાં સુખી દામ્પત્યની ક્ષણો દર્શાવાઈ છે. નાયકની નાયિકા પ્રત્યેની શુભ ભાવના છે. અહીં નાયકનું પાત્ર ખૂબ વિચારશીલ છે. શ્રદ્ધાને નાયકની જ્ઞાતિ, સમાજ, ગરીબી બધું જ માન્ય છે. એક સ્ત્રીને સ્વમાનથી વધારે શું જોઈએ? સંબંધો આગળ આ બધું પાણીથી પાતળું છે. નાયકને પણ ખબર છે કે પોતે ગરીબી, ઘૃણા ને તિરસ્કારમાં ઉછરેલો છે અને એક શ્રીમંત સ્ત્રીને જોઈએ એવા શોખ પોતે પૂરા નહીં કરી શકે પણ એ બાબતે નાયિકા પ્રગતિશીલ વિચારોવાળી છે. એને ખબર છે કે સમાજની નવ-રચનામાં કોઈએ તો યોગદાન આપવું જ પડશે.

નાયક-નાયિકા બંને સંબંધોથી ખુશ છે. નવા આકાશમાં ઊડવા માટે ઉત્સુક છે. વાર્તાના અંતે લેખક ભાવકને વર્તમાનમાં ખડો કરી દે છે. આજેય ૨૫ વર્ષો પછી વાતાવરણમાં ઉષ્મા છે. બહાર પાંખો ફફડાવી રહેલાં પંખીઓનો કલરવ સંભળાય છે ને પાછળની બારીએથી મોગરો ને રાતરાણીની સુગંધ લઈ ઠંડો પવન ઓરડામાં પ્રસરી રહ્યો છે. આજે બે સંતાનોના જન્મ પછી શ્રદ્ધાનું એવું જ લજામણું હાસ્ય હોઠો પર ફરકી રહ્યું છે. નાયિકાના ચહેરા પર ઉભરાતી ઉજ્જ્વળતા નાયકને નવોન્મેષ સૌંદર્યનો અનુભવ કરાવે છે. આનંદનો આવિષ્કાર હજુ શમ્યો નથી એવા નાયક-નાયિકાના દાંપત્યજીવનને લેખકે યથોચિત સંયમ સાથે વર્ણિત કર્યું છે. ક્યાંય રસરુચિનો ભંગ કરે એવાં વર્ણનો નથી. વિદ્રોહની વાત નાયક-નાયિકા બંને પક્ષે છે. એકમાં જાતિ ને બીજામાં વ્યક્તિ. બંને મળીને સહજીવન જીવે, વ્યક્તિ જ્ઞાતિનાં બંધનોને બાજુ પર રાખીને સામેની વ્યક્તિને એક વ્યક્તિ તરીકે જુએ, પોતાના જેવો જ બીજો જીવ સમજે તો કેવાં સુંદર પરિણામો નિપજાવી શકાય એનું આ વાર્તા ઉત્તમ દૃષ્ટાંત છે. 'આવિષ્કાર' એટલે નવા સંબંધોનો અહીં આવિષ્કાર થયો છે ને એમાં કશો જ છોછ કે અજુગતું નથી એ અહીં કલાત્મક અને સ્વાભાવિક રીતે રજૂ થયું છે. 'આવિષ્કાર' લેખકની નખશીખ સુંદર વાર્તા છે.

'વતન' વાર્તામાં વતનનાં સંસ્મરણોનું મધુર આલેખન છે. પણ વાર્તામાં નિરૂપિત કાનજીકાકાના એક ટહુકાએ નાયકને ખ્યાલ આવે છે કે તે જે માનતો હતો તેવું વતન તો હવે તેના માટે રહ્યું જ નથી. પોતે જેને પામવા માગે છે તે તો તેને મળતું જ નથી અને ન મળ્યાની ભારોભાર વેદના નાયકને ''ના......આ મારું વતન નથી'' એવા અંતિમે લઈ જાય છે. વતનને ચાહવા મથતા નાયકને વાર્તાંતે મળે છે વેદનાનો ભાર. વાર્તાનાં વર્ણનો જોઈને ભાવકને પ્રતીતિ થશે કે લેખક કવિ છે. વાર્તાનું ગદ્ય રસાળ છે. વાર્તાની શરૂઆત અને એમાંનાં વર્ણનો ગદ્યને પદ્યની લગોલગ લઈ જાય છે. દા.ત. ''ને ખેતર તરફ રસ્તો ફૂટવા માંડ્યો'' વગેરે વાક્ય

દ્વારા કોઈ કાવ્યના વિશ્વમાં વિહરતા હોઈએ એમ ચોક્કસ લાગે. અહીં એ નોંધવું રહ્યું કે અહીં દલિત સંવેદન નહિવત્ છે. દલિત સાહિત્યની વિભાવનાને સ્પષ્ટ કરે એવું કાઠું આ વાર્તાનું નથી. વાર્તામાં કશુંક ગોપનીય રહી જતું હોય તેમ લાગે છે. ભી. ન. વણકર જેવા સર્જકની કલમે લખાયેલી આ કૃતિ એનાં વર્ણનોને કારણે જીવંત બની રહે છે.

'કાળી ટીલી' વાર્તાનું વસ્તુ સરળ છે. વાર્તાનો નાયક રતનદાસ બે દિવસ માટે રેસ્ટહાઉસમાં રોકાયો છે. રાતનો સમય છે. પથારીમાં આડો પડે છે પણ ઊંઘ આવતી નથી. વતનની યાદ આવે છે. વાર્તાની શરૂઆતમાં જ ખ્યાલ આવે છે કે પોતે દોઢેક વર્ષથી વતન છોડી નોકરી અર્થે અહીં આવ્યો છે. નાયકને વર્ગ અને વર્ણની યાતનાઓમાં જીવતા સ્વજનોની વેદનાનું સ્મરણ થાય છે. વિચારોના વમળમાં નાયક રાતભર જાગતો રહે છે. જરા અમથી આંખો બંધ થાય છે ત્યાં કંઈક અવાજ આવતાં રતનદાસ બેઠો થઈ જાય છે. એ જુએ છે કે એક કબૂતર છત નીચે તરફડી રહ્યું છે. બિલાડી એને ઉપાડીને અહીં લાવી છે. સંવેદનશીલ વ્યક્તિને આવી ઘટના હચમચાવી દે છે. નાયકને નિર્દોષ પંખીનો તરફડાટ અસહ્ય લાગ્યો. સવાર પડે છે. બહાર દૂધવાળાનો પગરવ સંભળાય છે. પગી આવે છે ને કબૂતરને જોઈને કહે છે, ''સાહેબ ! આ ભોમને માથે કાળી ટીલી શે હાં કે''(પૃ.૭૪) નાયક કબૂતરની સ્થિર થયેલી આંખ જોઈ ગમગીન થઈ જાય છે. નાયક બહાર નીકળે છે. દવાની દુકાન આવતા ગોળી લેવા દુકાનનાં પગથિયાં ચડે છે ત્યાં છાપામાં નજર પડતાં સમાચાર જુએ છે કે, ''જાતિ સંઘર્ષમાં સત્તરનાં મરણ.''(પૃ.૭૫)નાયકના ચિત્તમાં અનેક સવાલો ઉદ્ભવે છે. જાણે નજર સમક્ષ વર્ગ અને વર્ણનો જ્વાળામુખી ભભૂકતો દેખાય છે. એને થાય છે કે સત્યાનાશ વળ્યું છે આ દેશમાં.

દુકાનદાર નાયકની સ્થિતિ પારખી જતા હોય તેમ આશ્વાસન આપતા કહે છે ''આવું તો બન્યા કરે સાહેબ !''(પૃ.૭૫) દુકાનદાર વાતવાતમાં કહે છે કે ''એમાં

વાંચવાનું શું હોય- એ તો એ જ......''(પૃ.૭૫) રતનદાસને લાફો મારવાનું મન થઈ આવે છે પણ માત્ર ગુસ્સો ઠાલવે છે. રતનદાસને ગુસ્સામાં ઘૂરતો જોઈ, દુકાનદાર પંખાની સ્વીચ ચાલુ કરીને પૂછે છે. કહો કઈ ગોળી આપું ? રતનદાસ થોડા શબ્દોમાં ગુસ્સો ઠાલવે છે ત્યાં બીજા રાહદારી સજ્જન ઠાવકાઈથી ''શું થયું છે સાહેબ !'' પૂછતાં પગથિયાં ચઢે છે. અવાજ સાંભળી રતનદાસે પૂંઠ ફેરવી પણ એના માટે આ કોઈ અજાણ્યા સજ્જન હતા.

વાતને સમેટતો હોય તેમ, જાણે કંઈ જ ન બન્યું હોય તેમ દુકાનદાર સજ્જનને કહે છે, ''કાંઈ નહીં સાહેબ......એ તો ખાલી વાતવાતમાં.......'' થોડુંક અટકી તરત પૂછે છે કેમ આવવું પડ્યું ? પણ પેલા સજ્જન વાતનો તાગ લેતા હોય તેમ પૂછે છે ''શું વાત છે ?'' દુકાનદાર કહે છે ''કાંઈ નહીં એ તો આજે પેપરમાં છે ને......પેલા સત્તર માર્યા ગયા તેની વાત !''(પૃ.૭૬)

પેલા સજ્જન કહે છે કે સત્તર મરાયા ને કાંઈ નહીં .......કેમ ? ક્યાં સુધી ચાલ્યા કરશે આ બધું વર્ગ-વર્ણના નામે ? દલિતો, પીડિતો, શોષિત.....લાખો નહીં, કરોડો માનવીઓ સબડી રહ્યા છે, કોણ જાણે કેમ......માનવતા અને અહિંસાનો પૈગામ આપનાર આ દેશને માથે આ અભિશાપ ?

રતનદાસને આ સજ્જન બોલી રહ્યા છે તે સ્વપ્નવત લાગે છે. સજ્જન ભાવાવેશમાં બોલી રહ્યા છે: આજે આ પ્રજા ધીરે ધીરે શિક્ષિત થઈ રહી છે, પણ કાલે સંગઠિત થશે, પછી.....પરમદિવસે શું કરશે તેની કલ્પના કરો, જરા ! હવે યુગ બદલાઈ ગયો છે, સમજ્યા ? રતનદાસ એ સજ્જનની ઓળખાણ માટે પૂછે છે પણ ''ઓળખાણનો શો અર્થ છે?'' કહી સજ્જન ચાલતા થાય છે. રતનદાસ કુતૂહલવશ દુકાનદારને પેલા સજ્જનની ઓળખ બાબતે પૂછે છે ત્યારે જવાબ મળે છે કે ''જવા દો યાર....આખો દિવસ બગડશે, પછી કહે છે બીજા કોણ હોય ?''(પૃ.૭૭) અહીં પ્રશ્નમાં ધ્વનિ સમાયેલો છે.

રતનદાસ ભીતરમાં થીજી ગયેલી વેદના સાથે પૂંઠ ફેરવી ત્યાંથી નીકળી પડે છે. અહીં જોઈ શકાય છે કે કબૂતરના મૃત્યુની ઘટના પગીને મન કાળી ટીલી સમાન છે. નાયકનું એના પ્રતિ ખૂબ તીવ્ર સંવેદન વ્યક્ત થયું છે પણ સત્તર વ્યક્તિઓના મૃત્યુ પછી એક સામાન્ય વ્યક્તિને એનો કોઈ ફરક પડતો નથી. એ તો થયા કરે, ચાલ્યા કરે, હોય હવે, એનાથી શું ફરક પડે ? એવી માનસિકતા સવર્ણોની દલિત પ્રત્યેની ભેદભાવભરી દૃષ્ટિને સૂચવે છે.

લેખક બહુ તટસ્થ રહીને વાર્તાવસ્તુનું આલેખન કરે છે. એક બાજુ કબૂતરના મૃત્યુની આકસ્મિક ઘટના છે ને બીજી તરફ સંઘર્ષ પછી ઘણી બધી વ્યક્તિઓના મૃત્યુ છે. એક બાજુ ફેર પડે છે ને બીજે છેડે કંઈ જ ફરક પડતો નથી. આવાં બે અંતિમોની વચ્ચે દર્શાવેલ ઘટના અને વ્યક્તિનો દૃષ્ટિકોણ વાર્તાને સુચારુ બનાવે છે. સાવ સામાન્ય ઘટના તરફથી અસામાન્ય તરફની ગતિ વાર્તાને નવું પરિમાણ બક્ષે છે. લેખકે બંને દૃષ્ટિકોણને સમાનભાવે ન્યાય આપ્યો છે. આવા દૃષ્ટિકોણને તાદૃશ કરતી ભાષાને લેખક ખૂબ સારી રીતે પ્રયોજી શક્યા છે. આખી વાતમાં ક્યાંય સીધો ઉપદેશ આપ્યા વગર ઘટના પોતે જ ઘણું બધું કહી દે છે.

જરા પણ મુખર બન્યા વગર જ્ઞાતિભેદ, દલિત સંવેદન, ભેદભાવ, એના દૃષ્ટિકોણને લેખક સહજ રીતે મૂકી આપે છે. આખી વાતમાં ભાવકપક્ષે ''કાળી ટીલી'' કોને કહેવાય એ વગરઉપદેશે, વગરકહ્યે સમજાઈ જાય એવી બોધકણિકા બની જાય છે. લેખક વાર્તામાં જરા પણ વિસ્તાર કર્યા વગર બહુ થોડા શબ્દોમાં આખી વાત મૂકી શકે છે. દા.ત. એમાં વાંચવાનું શું હોય ? એ તો એ જ.....(પૃ.૭૫), કે પછી ''એ જ વળી બીજા કોણ હોય''(પૃ.૭૭). નાનાં નાનાં વાક્યો ને સંવાદો દ્વારા લેખક ભાષા પાસેથી ધાર્યું કામ લઈ શક્યા છે. સંવાદો દ્વારા ભાષાની નજાકત જોઈ શકાય છે ને એ દ્વારા ગુજરાતી ભાષાનું સૌંદર્ય પણ વ્યક્ત થાય છે.

'હરિ ઓમ્ શરણ' માં વાર્તાવસ્તુ સાવ સામાન્ય છે. વાર્તાના આરંભે સિત્તેર વર્ષના માધોભા તબિયત ઠીક ન હોવાથી અસ્વસ્થ જણાય છે. દીકરો ઓશિકે બેસી માથે હાથ ફેરવે છે અને વહુ પંખાથી પવન નાખે છે. વાતવાતમાં સંવાદો દ્વારા જાણવા મળે છે કે માધોભાને કંઈક વાત કરવાની છે જે ઘણા સમયથી કહેવાની રહી જતી હતી. બધાને એમ કે હરિ ઓમ શરણે જવા માટે ડોસાની કોઈ અંતિમ ઇચ્છા હશે પણ પોતાના મનમાં જે દ્વિધા છે એ જણાવતા માધોભા કહે છે કે ''મધા, એક દિ' શિબિરમાં તને મળવા હું આવેલો, યાદ છે ને ? ત્યાં તે મને આગ્રહ કરીને જમાડેલો. ત્યારે જ મનમાં શંકા ગયેલી કે, આ બધા કઈ નાત-જાતના હશે? ને આ વાસણ......સૌ એકસરખા લાગે એટલે પરખાતા નહોતા, પણ કોઈ તો...... એ કહે ?''

લેખક આટલા સંવાદો દ્વારા ધારી ઉત્સુકતા ઊભી કરી શક્યા છે. વાચકપક્ષે ખાસ્સું કુતૂહલ થાય એ પ્રકારનાં સ્થાનો, વાક્યનું અટકવું વગેરે અહીં સુધી સામાન્ય લાગે છે પરંતુ પછીનાં ટૂંકા સંવાદોથી ખબર પડે છે કે માધોભા કશુંક જુદું જ કહેવા માગે છે. આ સંવાદોમાં કુતૂહલ થોડું વધુ ઉમેરાય છે પણ પછી તરત ખ્યાલ આવે છે. દીકરો કહે છે: ''બાપુજી, આ ટાણે આવી વાત? ભગવાનનું નામ લો તોય....''

''પણ કહે તો ખરો કે એ.........?''

''હવે જાણીને કરશો શું, બાપા ?''

''મનખાવતારમાં જાત વટલાવીને જીવવા કરતા તો!'' અહીં ખ્યાલ આવે છે કે માધોભાને જે વસ્તુ કઠે છે તે આભડછેટ છે. પોતે વટલાઈ ગયા હોવાનો વસવસો મનમાં છે.

દીકરો આખી વાતને સમજાવતા કહે છે કે: ''કોણ કોને વટલાવે, બાપા ? કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી, માણસ સૌ સમાન છે.'' દીકરો મગન દૃષ્ટાંત

ટાકીને ગઈકાલની ઘટના સમજાવે છે કે ગાડીના ડબ્બામાં બેઠેલા એક કાકા તમારા જેવા જ. એ વીસ વર્ષથી બહારનું જમતા નથી. કારણ આવું જ કે ''એક દિ' હોટલમાં જમવા ગયેલો ત્યાં પાસે જ પેલો. હમજોને હવે નામ દેવાથી કોઈને ખોટું લાગે. જમવા બેસી ગયેલો. તે દિ'થી જળ લીધું ને આજે તો જ્યાં જુઓ ત્યાં એ જ......''

અહીં પણ સંવાદ દ્વારા અસ્પૃશ્યતા જ સૂચિત થાય છે. ટ્રેનના ડબ્બાનો સંવાદ આગળ ચાલે છે કે બીજા એક સુસંસ્કારી જણાતા ભાઈ બોલી ઊઠે છે કે, ''હું પચીસ વર્ષથી બહારનું પાણી પીતો નથી. પોતે હાલ વકીલ છે પણ ૨૫ વર્ષ પહેલા વનજીકાકાના ખેતરમાં ઘઉં નીંદવા ગયેલો. એક વખત વનજીકાકા બપોરના સમયે નીંદવાનું છોડી, લોટો ભરી જાજરૂ જઈ આવ્યા. પછી હાથ ધોયા વિના જ સીધા કઢીના ડોલચે વળગ્યા. ને ડાબો હાથ નાખી કઢી હલાવતા કહેવા લાગ્યા, અલ્યા મજૂરીઓ લ્યો કઢી લો, બધાં ખાઓ હા. પછી સંવાદ દ્વારા જ ખબર પડે છે કે એમને મન બધું સરખું. ડાબો શું ને જમણો શું. બધાય હરખા.''

આખી વાતનું પ્રાયશ્ચિત જોતા પણ દૃષ્ટિકોણનો ખ્યાલ આવે છે. આ બાજુ પ્રાયશ્ચિત શબ્દ સાંભળતા માધોભા ભૂતકાળ વાગોળતા કહે છે કે વર્ષો પહેલા ખેતરમાં મઠ વઢાતાં હતાં એ વખતે મધો નાનો હતો. ટેવ પ્રમાણે આખો દી' ગામ ગપાટા-ચોરામાં મુખી સાથે, ચાડી ચૂગલી, ચા-પાણી ને યાદ આવે તો ખેતર તરફ નહીંતર ઘરે જઈ ઊંઘ કરવી. પણ એક પૂનમે બપોર પછી ખેતરે જઈને શેઢા ઉપર ચોખ્ખો ચકચકિત પાણીનો ભરેલો ઘડો જોઈ પાણી ગટગટાવી લે છે પછી ખબર પડે છે કે આ ઘડો મજૂરોનો છે ત્યારે ઝેરનો આખો દરિયો જાણે પી ગયા હોઈ એમ હૈયે ધ્રાસકો પડે છે ને પોતે પરસેવે રેબઝેબ થઈ જાય છે. ત્યાર પછી આખો દિ' અન્ન-પાણી વગર ચલાવ્યું. સાંજ પડ્યે મંદિરે ગયા. મોડે સુધી બેસી રહ્યા.

મહારાજના ધ્યાનમાં આવતા મહારાજ ચિંતાતુર માધોભાને કારણ પૂછ છે. સોગંદ આપીને પૂછે છે ત્યારે મહારાજ કોઈ ત્રીજું તો નથી ને એની ખાતરી કરીને કહે છે :

''ભારે ભૂંડી થઈ છે મહારાજ, કાંઈ પ્રાયશ્ચિત ! ''

''પણ કહો તો ખરા ? ''

આજે ખેતરમાં ગયેલો. ત્યાં ભૂલથી પેલાઓનું પાણી પીવાઈ ગયું છે. વટલાઈ ગયો છું મહારાજ !

''પ્રાયશ્ચિતરૂપે મહારાજ દ્વારા સવા મહિના સુધી રોજ સવારે નરણા કોઠે ગાય માતાનું ઝરણ પીવાનું સૂચવાય છે. એમ કરેલું પણ છે એમ જણાવીને કહે છે કે જિંદગીમાં આટલું તપ કરેલું છે. આજે તભો મહારાજ તો નથી એટલે મારા પંડનું પાપ હું એકલો જ જાણું. અને એટલે જ પૂછું છું બેટા, પેલાં વાસણ કોનાં હતાં એ લોકો કોણ હતા ? મરતાં મરતાં મનનું વહેમ તો ટળી જાય ને.''

દીકરો દૃષ્ટાંતો આપીને બાપાને સમજાવે છે પણ ઉત્તરમાં બાપા કહે છે :

''મેર ભૂંડીના, રૌ રૌ નરકમાં જવા વારો છે ને તું ચંદ્રલોકની ચિંતા કરે છે ?''

માધોભા આંખો બંધ કરીને ચૂપચાપ સૂઈ ગયા છે તેથી બધાને લાગે છે કે હવે સારું થઈ ગયું હશે એટલે ચિંતા કરવાનું કોઈ કારણ નથી પણ વહેલી સવારે ખ્યાલ આવે છે કે એ મૃત્યુ પામ્યા છે. ગામલોકોના મોઢે એક જ વાત હતી કે ''માધોભાનું મરણ ખૂબ સારું થયું. આચારવિચારમાં ચોખ્ખા, જીવ્યા ત્યાં સુધી ધરમ પાળ્યો એટલે જ તો દેહને દુઃખ પડ્યા વિના જ સ્વર્ગનાં વિમાન આવ્યાં, એવા જ માધોભા ઊંઘમાં ને ઊંઘમાં સુખેથી હરિ ઓમ્ શરણ થયા.''

અહીં ઘટના નાની છે. ડોસા બીમાર પડ્યા છે પણ મૃત્યુ વખતેય મનમાં ઘર કરી ગયેલી માનસિકતા દૂર થવાનું નામ નથી લેતી. ભેદભાવને છોડવા પોત તૈયાર

નથી. એના ઉકેલ માટેની વાત તો બાજુ પર રહી પરંતુ મૃત્યુપર્યંત પોતે એને ભૂલવા તૈયાર નથી એવી કુંઠિત મનોદશા એની રુગ્ણ સ્થિતિ સૂચવે છે.

''હરિ ઓમ્ શરણ'' જવા માટે ધર્મને પાળવો જરૂરી છે પણ ધર્મ વિશેની સમજ કેવા ચોગઠામાં કેદ છે એ નરવું, નક્કર ને અભિનવ દર્શન સર્જકનો વિશેષ બની રહે છે.

અહીં પણ લેખક ભાષા પાસેથી ધાર્યું કામ લઈ શક્યા છે. વાક્યના આરોહ-અવરોહ અને ખાલી સ્થાનોમાં વ્યક્ત થતી માનસિકતા પૂરી સ્વસ્થતાથી વ્યક્ત થઈ શકી છે. માધોડોસાના દીકરાના સંવાદ ક્યાંક મુખર લાગે પણ સુધારાના સાર માટે એ જરૂરી છે. ક્યાંક બે પ્રસંગો સામસામે ટકરાતા હોય એમાં પણ વધુ બોલકાપણું લાગે, વક્રતા પણ ભારોભાર લાગે પરંતુ એ વક્રતા, આક્રોશને લેખક પૂરી સ્વસ્થતાથી નિરૂપી શક્યા છે. દા.ત. ડાબા હાથે કઢી હલાવવાનો પ્રસંગ, ગાય માતાનું ઝરણ પીવાની વાત વગેરે.

''પગ'' પ્રતીકાત્મક વાર્તા છે. પગ એટલે શું? એને કેવા અર્થમાં પ્રયોજવામાં આવે છે એનું અને વાર્તાનાયક લાલિયાની દિનચર્યા દ્વારા અસ્પૃશ્યતાનું ધારદાર આલેખન થયું છે.

વાર્તાનું કથાવસ્તુ આ રીતે વિસ્તરે છેઃ વાર્તાના પ્રારંભે વાર્તાનાયકની દ્વિધાભરી સ્થિતિનું આલેખન જોવા મળે છે. હાથમાં ચંબુ લઈને જાજરૂ જવા નીકળેલો લાલિયો એકાંત શોધે છે. પણ એવી જગ્યા એને મળતી નથી. સમય જતાં બધું જ બદલાઈ ગયું છે. ગામમાં પાણી માટે સ્ટેન્ડ આવી ગયાં છે. પણ પછી તરત ખ્યાલ આવે છે કે સૌનાં અલગ અલગ છે.

લાલિયો કહે છે અહીં માણસને જાનવર બનાવી દેવાય છે. એ તો કોઈ લાલિયા જેવા ખંડિયેરોમાં ભટકતા ભૂતાવળ આત્માઓને પૂછી જુઓ તો ખબર પડે. પોતે જ પોતાના પગ સામે જોઈ બોલે છે આ લાલિયાને સમજવો મુશ્કેલ છે.

વાર્તાના બીજા ભાગમાં હવાડામાં ન્હાતો લાલિયો જોવા મળે છે. જે હવાડામાં 'પાડું પડ્યું પડ્યું રેકતું હતું એમાં લાલિયો ન્હાય છે ત્યારે તભો કાકો ટપકી પડે છે અને ધોકો લઈને લાલિયાની પૂંઠે પડે છે. એ જ હોજમાં કૂતરું લબલબ કરતું પાણી પીએ છે. લાલિયાની નજર મુખીના ડેલા તરફ જાય છે ત્યાં શકરી માથે બેડું મૂકી પાણી ભરવા આવી રહી છે. લાલિયાએ ઓટલે પગ ખંખેરી છાણવાળો પગ ડોલના પાણી વડે ધોયો. લાલિયાને આ વખતે શકરીની મા મંછી યાદ આવે છે એ હંમેશા ગમાણમાં ભેંસનાં છાણ-મૂતરમાં પગ બોળી છાંટ લે છે એ યાદ આવે છે. લાલિયો પગ સામે જોઈ હસી પડે છે ને ગરીબની વહુ સૌની ભાભી એમ વિચારી મનોમન કહે છે પણ કે જે દિ આ પગ બળવો કરશે તે દિ? વાતવાતમાં ખ્યાલ આવે છે કે કોઈ 'કોહ' ચોરી ગયું છે તેનો પગ કાઢવા.....લાલિયાને થાય છે કે દરેકમાં પગ પહેલો એમ કેમ?

રસ્તામાં ઘંટીએ દરણું લેવા જતા લાલિયાને આંબલી પર કાતરા જોઈ ખાવાનું મન થાય છે ને પથ્થર ફેંકી કાતરો પાડે છે ત્યાં હોટેલવાળો પૂંઠે પડીને કહે છે ''અલ્યા પકડો એ પગને'' હાળો હેંડ્યો આવે છે છેક સુધી. લાલિયો છટકી જાય છે ને મનોમન શાબાશીનો ભાવ અનુભવે છે.

આંગણામાં બેસી રહેતા મંજીડોસી લાલિયાને જોઈ કહે છે ટાંટિયો વાળી ઘડીએ બેસતો જ નથી......લીંપણ ઘસી નાખ્યું આ પગે તો!

ઘંટી-ઘરની બહાર પડેલા 'બાટ' ઉપર પગ મૂકીને લાલિયો મારું દયણું દળાણું? એમ પૂછે છે તો ઘંટીવાળો કહે છે ''એ લલ્લુ પગ લે પગ'' ગુસ્સે થયેલ લાલિયો સીધો મંદિરના ખાંચા તરફ વળે છે. મંદિર રસ્તામાં જ છે ને ત્યાં પ્રસાદી વહેંચાય છે પણ લાલિયાને ધૂત્કારવામાં આવે છે. મંદિરમાં બિલાડી બેઠી બેઠી પૂજાનો પ્રસાદ ખાઈ રહી છે. લાલિયાને રીસ ચઢે છે. આ મંદિરનો પાયો પોતે ખોદેલો છે, પાયામાં પાણી રેડેલું, રોડા ધીબેલા, ગર્ભદ્વારમાં જઈ મૂર્તિ ધોયેલી,

મંદિરના કળશ ઉપર બેસી ગોળગોળ ફરી રમેલો- આ બધું કરવા છતાં એના નસીબમાં પ્રસાદ નથી. એ ઘર તરફ ચાલી નીકળે છે. ઘરે માસી આવ્યા છે. માસી એને સૌ પગ કહીને બોલાવે છે એની ચિંતા કરે છે. લાલિયાને માએ રૂપિયો આપ્યો હતો એમાંથી ૧૦ પૈસાનો બરફ લે છે ત્યાં પણ પાણીના સ્ટેન્ડ ઉપર ગપાટા મારતા છોકરાઓ લાલિયાના પગ સામે જોઈ હસવા લાગ્યા. ત્યાં બરફવાળો પણ એના પગ સામે જોઈ કહે છે, ''થોડો દૂર ઊભો રહે ને? એ કહે છે આ પગ બહુ ઉસ્તાદ છે.''

પણ લાલિયાને પોતાનો પગ બાદશાહ લાગે છે. લાલિયો નિશાળે જાય છે. નિશાળમાં વાલી પેન્સિલો વહેંચવા આવ્યા તો આચાર્ય કહે છે ''અલ્યા ક્યાં ગયો પેલો પગ?'' ઈન્સ્પેક્શન વખતે સાહેબે તેને 'લક્ષ્મીકાંત' કહી ઊભો કર્યો ત્યારે એને પ્રથમવાર ખબર પડે છે કે પોતાનું નામ લક્ષ્મીકાંત છે. વર્ગમાં એ ફટાફટ જવાબો પણ આપે છે પણ લાલિયાને બધા પગથી જ બોલાવે છે.

લાલિયાને ટપાલી શેઠનો કાગળ આપે છે. લાલિયો સ્વભાવે કામગરો છે, વિવેકી છે. એ કાગળ આપે છે ત્યારે શેઠ હાથનો ખોબો ધરે છે. કાગળ જોતાં ખ્યાલ આવે છે કે એ અંગ્રેજીમાં છે ને લાલિયાને કહે છે ''એઈ પગ, જરા ઊભો રહે, વાંચતો જા!'' પોતે ઘરે આવે છે તો ઘરે શનિયાની મા રેશમ ટી. વી. જોવા આવી બેઠી હતી. એ કહે છે ''અલ્યા એ.........તમે લોકો જરા છેટા બેસોન્ દેવી અભડાય!'' છંછેડાયેલો લાલિયો કહે છે હવે આ ટી. વી. બંધ કરવી પડશે ત્યારે રેશમ કહે ''આ પગ તો બહુ બોલે?'' અહીં એના ગુસ્સાનો કોઈ અર્થ રહેતો નથી. શનિયો મધ વેંચવા આવે છે ત્યારે પણ મધ ચાખવા માટે લાંબો હાથ કરતા લાલિયાને ''એ પગ જરા દૂર ઊભો રહે ને?'' એવું કહી ધૂત્કારવામાં આવે છે ત્યારે એને થાય છે કે ટી. વી. જોવા તો ઠેઠ ઘરમાં ઘૂસી જવું ને હોંશિયારી.....?

કોઈ એક દિવસે લાલિયો ખેતરમાં મગફળીનો ઓળો ખાવા જાય છે. શકરી એને ઓળો ખાવાનું કહે છે. અહીં ખેતર છે, એકાંત છે, સ્ત્રી છે, પુરુષ છે. લાલિયાને જોતા શકરીની આંખોમાં માદકતા ઘેરાય છે. બંને વચ્ચે સંવાદ રચાય છે. શેઠે મૂકેલ ઘડામાંથી શકરી પાણીનું પ્યાલું હાથમાં આપે છે ને ''સમ આપીને પાણી પીવડાવે છે. તે બંને વચ્ચેનો અનુરાગ અને ભેદભાવ, ''જો લાલિયા પાછો કોઈને આ કહેતો નહીં'' જેવા શબ્દો દ્વારા વ્યક્ત થાય છે.

વાર્તાના અંત તરફ આગળ વધતા ખ્યાલ આવે છે કે ગામમાં કથા ચાલે છે. મહારાજ કહે છે, ''ચાર વેદ ને ચાર વર્ણ તેમાંથી અઢાર પુરાણ ને અઢાર વર્ણ થઈ. શરીરમાં પગ શૂદ્ર ને સંસારમાં સ્ત્રી શૂદ્ર છે. સમાજમાં પગ શૂદ્રના સ્થાને છે'' અહીં પૌરાણિક સંદર્ભ રચાય છે અને વાચકને તરત પગ દ્વારા વ્યક્ત થતો ભાવ કળાય છે.

લાલિયાને હવે સમજાય છે કે લોકો એને પગ કેમ કહે છે. પણ હવે આ પગનાં નામરૂપ બદલાઈ ગયાં છે. પગ અધિકારી, પગ મેનેજર, પગ માલિક, પગ પ્રોફેસર, પગ પ્રધાન, પગ પંડિત ને પગ પ્રભુ છે. પગ ડોક્ટર, પગ વકીલ, પગ એન્જિનીયર ને પગ લેખક છે. પગને હવે શેનીયે જરૂર નથી. એને કૂવાનો ખપ નથી, અલગ વાસની જરૂર નથી, એ યુદ્ધ કરી શકે છે ને શાસન પણ કરી શકે છે. હવે એના માટે બધું શક્ય છે ને બધે એની નોંધ લેવાય છે. આજેય પગને પાંખો છે, પગને આંખો છે, પગને બધું જ છે, છતાંય પગ તો પગ જ........એકલો, અટૂલો!

દરેક વાર્તાકાર પોતાની વાર્તાઓમાં વિવિધ પ્રતીકોની યોજના કરી વાર્તાનું સુચારુ આલેખન કરે છે પણ અહીં 'પગ'ને પ્રતીક બનાવી વાર્તાકારે પડકાર ઝીલ્યો છે. લલ્લુભાઈ અને લાલિયામાં વહેંચાયેલો પગ અને એના દ્વારા ગ્રામ્યસમાજની પ્રવર્તતી અસ્પૃશ્યતાનું આલેખન કરી લેખક વ્યક્ત થતા ભેદભાવને છતો કરે છે. અહીં ખ્યાલ આવે છે કે પગ આખી પૃથ્વી પર ફેલાયા પણ ગામડામાં તો લાલિયો

લાલભાઈ ન થઈ શક્યો. લાલિયાને ચંબુ હાથ લાગે છે પણ લોકોના માનસમાં બાજેલા જાળાનું શું?

'પગ'નો સંદર્ભ લઈને થયેલો આ પ્રયોગ અને પગની સાથેનો પૌરાણિક સંદર્ભ સાંકડીને લેખકે વાર્તાક્ષણને વધુ મર્મવેધી બનાવી છે. હવાડામાં લાલિયો ન ન્હાઈ શકે, ભેંસ ભલે ન્હાતી હોય!, એને ઘંટીવાળો દૂર રહેવાનું કહે, બરફવાળો દૂર રહેવાનું કહે ને મધ વેંચવાવાળો મિત્ર પણ દૂર, ટપાલ હાથમાં લેતા શેઠ ખોબો ધરે, બિલાડી મંદિરમાં પ્રસાદ ભલે આરોગે પણ લાલિયાને પ્રસાદથી વંચિત રહેવું પડે. આ બધી જ વિગતો સાહજિક રીતે વાર્તામાં ગોઠવાઈ ગઈ છે. ક્યાંક વાત વધુ કૃતક લાગે. જેમ કે ઘરે ટી. વી. જોવા આવનાર શાકભાજીવાળીને એ કહી બેસે છે ''ટી. વી. જોવા તો ઠેઠ ઘરમાં ઘૂસી જવું......'' પણ આ બધું વાર્તાના દરેક પાસાને મજબૂત રીતે ગૂંથી આપે છે. લેખકની ભાષામાં જોવા મળતી સ્વસ્થતા અને કોઈ પણ પ્રકારના ખુલાસા વગર દલિત દિનચર્યાને જીવનના પ્રેમ-ક્ષેમની વાત થઈ છે. એ દ્વારા એકની નહીં અનેકની સંવેદના ઝિલાઈ છે. આપણે ચંદ્ર ઉપર જઈને પાછા આવ્યા પણ કોઠે પડેલી માનસિકતાનું શું કરીશું? એ વિચારવા જેવો પ્રશ્ન છે. બહુ સાહજિકતાથી આપણે અસ્પૃશ્યતાને ધૂત્કારીએ છીએ પણ એટલી જ સાહજિકતાથી એક વ્યક્તિને વ્યક્તિ તરીકે જોઈશું તો અસ્પૃશ્યતાનું વર્તુળ ચોક્કસ નાનું થતું જશે.

સાવ નજીવા વિષયને કેન્દ્ર બનાવીને એને એવી ઊંચાઈએ લઈ જઈ અસરકારક બનાવી વાર્તારૂપ આપવું એ આ લેખકની ખૂબી છે. 'પગ'નું પ્રતીકાત્મક આલેખન કૃતિને કલાત્મક બનાવે છે.

'ઓઝટવા'માં વિષય બહુ જાણીતો છે. આખી વાર્તાનું વિષયવસ્તુ વાચક માટે વધુ ગમ્ય બની રહે છે. વાર્તાનું વસ્તુ વિગતવાર જોઈએ:

વાર્તાનો આરંભ બેચરકાકાની વલુરવાની ક્રિયાથી થાય છે. ત્યારબાદ એમની બીડી પીવાની ટેવ, મેલી બંડી ઇત્યાદિ દ્વારા પાત્રની રેખાઓ આંકી છે. બાજુમાં

નેમલો બેઠો છે. એ પોતે અહીં અજાણ્યો છે. પોતાનું ગામ અહીંથી દસેક કિ.મી. દૂર છે. બસ ચૂકી જવાને લીધે અહીં રોકાવું પડ્યું છે. પોતે પોતાને ગામ જવા માટે બસની રાહ જોતો ઊભો છે ત્યારે પોતાને વિહ્વળ દશામાં જોઈને પ્રકાશ એને બૂમ પાડે છે. પ્રકાશ પોતાના ઘર તરફ કુટુંબ સાથે જઈ રહ્યો છે. પ્રકાશ પોતે પ્રગતિશીલ અને સુખી કુટુંબનો શિક્ષિત યુવાન છે. નેમલો કંપની મળવાની આશાએ પ્રકાશ જોડે બેઠો. રસ્તામાંથી કોઈ રખડી પડેલા પ્રવાસી એવા કાકા એ જ જીપમાં બેઠા. પછીથી ખબર પડે છે કે તેઓ નેમલાના પાડોશી ગામના છે. એ જ આ બેચરકાકા. રસ્તામાં પ્રકાશનું ગામ આવી જતાં પ્રકાશ નેમલાને ઘરે આવવા આગ્રહ કરે છે પણ નેમલો ના પાડે છે. એ પોતાનો પરિચય આપતા કહે છે હું સામેના ગામનો નેમલો છું પરંતુ હવે હું નિશ્ચલસુંદરથી ઓળખાઉં છું. પ્રકાશ ખભે હાથ મૂકીને એને સાથે આવવા આગ્રહ કરે છે.

નેમલો અને બેચરકાકા બંને પ્રકાશના ઘરે રાત રોકાય છે. બેચરકાકાની બીડી પીવાની આદત અને આખી રાત ખાંસી ખાવી, શરીર વલૂરવું વગેરે ક્રિયાઓ નેમલા માટે અસહ્ય થઈ પડે છે છતાં એક હરફ ઉચ્ચાર્યા વગર રાતભર જાગે છે. પોતે વિચારે છે પોતે હવે નિશ્ચલસુંદર છે. નાતજાત શી બલા છે. અરે દેશ શું ને પરદેશ શું? હું ઊંચે ઊંચે ગગનવિહાર કરીશ. સવાર થતાં દૈનિક જનજીવન શરૂ થાય છે. નેમલો બેચરકાકાને જલદી ઘરે પહોંચી જઈએ એમ કહે છે. પ્રકાશ આગ્રહ કરે છે ચા પીવાનો પણ બેચરકાકાએ ચાલતી પકડી અને નેમલો આભાર માને છે પ્રકાશનો.

બસ સ્ટેન્ડ પાસે ચા પીવા રોકાય છે. વાતવાતમાં જાણવા મળે છે કે નેમલો વાસમાં રહે છે. બેચરકાકાને ધરતીકંપનો આંચકો લાગ્યો હોય એમ દૂર ખસી જાય છે. પગ પર પાણી ઢોળી શુદ્ધ થવાનો પ્રયત્ન કરે છે. નેમલો વિચારે છે ત્યાં બસ આવતાં કાકાની જગ્યા રોકી બેસવા આગ્રહ કરે છે પણ બેચરકાકા એની પડખે ન

બેસતાં દૂર પાછળની સીટ પર બેસે છે. બસ ઊભી રહેતાં બેચરકાકા ચૂપચાપ ઉતાવળે ચાલી નીકળે છે. નેમલાને ખૂબ દુ:ખ થાય છે. પોતાનું ગામ આવતા એને થાય છે કે ના હવે ગામમાં જવું નથી. પોતે શૂન્યમનસ્ક બની જાય છે. આંખે અંધારા આવે છે. પોતે અસ્વસ્થ બની જાય છે ને ધરતી પર ઢળી પડે  છે. બેહોશ બનેલા નેમલાને લોકો આશ્ચર્યથી જોઈ રહે છે. બધા એક જ ચર્ચા કરે છે કે નેમલાને ઓઝટવા લાગ્યો છે.

વાર્તામાં બંને પાત્રોની ક્રિયાઓ નોંધવા જેવી છે. આખી વાર્તામાં નેમલાનું વર્તન ક્યાંય ઉતરતું નથી. સામે પક્ષે બેચરકાકાના પાત્રની ક્રિયાઓ વાચક માટે અસહ્ય થઈ પડે એટલી હદે નિમ્ન છે. પોતાના વર્તનથી કોને શું લાગશે એની તમા બેચરકાકાને નથી. પ્રકાશના ઘરેથી નીકળતી વખતે પણ નેમલો આભાર માને છે પણ બેચરકાકા ચાલી નીકળે છે જટ ઉતાવળે.

આખી વાર્તામાં સૌથી મહત્ત્વનો ભાગ હોય તો તે છે વાર્તાનાં વર્ણનો. ગદ્ય એવી રીતે આલેખાયું છે કે તે પદ્યને વળોટી જાય. જેમ કે: બસ પૂરા વેગથી જઈ રહી હતી. સૂર્યનાં કિરણો દઝાડી રહ્યાં હતાં. તગડા ઘોડાઓના રથને હાંકતો મહારથી કર્ણ નેમલાને યાદ આવ્યો. નેમલો ધ્રૂજી ઉઠ્યો. પરંતુ આ ધ્રુજારી ભયની નહોતી. ગુસ્સાની હતી. અસ્વીકૃતિની આગમાં ભૂંજાઈ રહેલા નેમલાનાં રુંવે રુંવે વિદ્રોહના વાઘ ત્રાડ નાખી રહ્યા હતા. અહીં વિદ્રોહ ખૂબ બળકટ રીતે રજૂ થયો છે. વર્ણનોમાં પાત્રની મન:સ્થિતિ યોગ્ય રીતે વ્યક્ત થઈ શકી છે. કર્ણની યાદ અપાવીને ઐતિહાસિક સંદર્ભ સચોટ રીતે ગૂંથી લીધો છે.

આટલું બધું થયું હોવા છતાં, વ્યક્તિ બેહોશ થઈ જાય એટલી હદે એની મન:સ્થિતિને ચોંટ પહોંચે એવું વર્તન અને એની સાથે અઘટિત બન્યું હોવા છતાં કશું જ ન બન્યાની નિંભરસ્થિતિ કરુણને વધુ ઘેરો બનાવે છે. એક શિક્ષિત યુવાનની

આવી સ્થિતિ છે તો વાસમાં રહેતા અશિક્ષિતોની હાલત આ સંદર્ભે કેવી હશે એની કલ્પના કરવી રહી.

પોતે ખરેખર માણસની ઝપટમાં આવી ગયો છે પણ દેખાવ એવો થાય છે કે એને ઓઝટવા છે. ખરેખર તો આ ઓઝટવા જ એને પીડે છે પણ એ માણસથી લાગેલો ઓઝટવા છે. વાર્તામાં આવતું ચિંતન પણ દલિત યુવાનની વિચારસરણીને આબેહૂબ રજૂ કરે છે. પોતે પોતાનું સાચું નામ છૂપાવે છે એમાં વ્યક્ત થતી એની મજબૂરી જોઈ શકાય છે. દિનેશ દેસાઈ આ વાર્તા સંદર્ભે કહે છે કે, ''બેચરકાકા અભણ, ગમાર, ગમે ત્યાં થૂંકતા, ખાંસતા ને બીડી પીતા અદલિતનું પાત્ર છે જ્યારે નેમલો ઉર્ફે નિશ્ચલસુંદર દેખાવડો, ભણેલો-ગણેલો અને અપટુડેટ દલિત યુવાન છે. બેચરકાકા જ્યારે આ વાત જાણે છે ત્યારે નેમલાથી દૂર ભાગવા માંડે છે અહીં વર્ણભેદની સૂક્ષ્મતા તાદૃશ્ય કરવામાં આવી છે.''[૫૩] અહીં ગુણવંત વ્યાસની 'વિકલ્પ' વાર્તાનું સ્મરણ જરા જુદી રીતે થઈ આવે છે.

'લક્ષ્મણ-રેખા' વાર્તાનું વસ્તુ કાવ્યાત્મક સ્તરે આલેખાયું છે. વાર્તાનો આરંભ કોઈ કાવ્યનું પઠન કરતા હોય એ રીતે થાય છે. આખી વાર્તા દલિત યુવકને ચાહતી રામચંદ્રરાયની પુત્રીના દૃષ્ટિકોણથી કહેવાયેલી વાર્તા છે. પિતા પ્રગતિશીલ છે પરંતુ ખબર પડે છે કે પોતાની દીકરી લક્ષ્મણને ચાહે છે ત્યારે તેઓ પોતાનું રહેઠાણ બદલીને અન્ય સ્થળે રવાના થાય છે. અહીં આપોઆપ લક્ષ્મણના પ્રેમ સામે લક્ષ્મણ-રેખા દોરાઈ જાય છે. આ રીતે પિતાએ લીધેલું પગલું બંનેને એક થવા દે તેમ નથી. આ રેખા લક્ષ્મણ કે રેખા બંનેમાંથી કોઈ ઓળંગી શકે નહીં એવો કઠોર નિર્ણય છે.

અહીં પિતાની દંભી માનસિકતા દેખાઈ આવે છે. વાર્તાની શરૂઆત નરવા વાતાવરણથી થાય છે. જેમ કે: આ જૂના જર્જરિત ખંડિયેરોમાં ક્યાં સુધી કણસ્યા કરીશું?

---

૫૩. સમીક્ષિત, દિનેશ દેસાઈ, રન્નાદે પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૬, પૃ.૪૦

''- ચાલો, ગગન વિશાળ છે, ઉડીએ.''

ધારો કે આપણા વચ્ચેની ભેદરેખા ભૂંસાઈ જાય તો?

''નામના સઘળા સંદર્ભ બદલાઈ જાય.''

અહીં વ્યક્ત થયેલું અનુમાન ક્યારેય હકીકત બની શકતું નથી. પોતે સેવેલી કલ્પનાઓ અદ્ભુત છે પણ વાર્તાના ત્રીજા વાક્યે જ એનો અણસાર મળી જાય છે કે, ''ધારો કે..........ભેદરેખા ભૂંસાઈ જાય તો?''(પૃ.૧૦૩)

'જો' અને 'તો'ની બેધારી તલવાર વચ્ચે પિસાતાં પાત્રો વાર્તાનો વિષય બન્યાં છે. નાયિકા પાસે હવે સ્મરણ સિવાય કાંઈ બચ્યું નથી. આખી વાર્તામાં નાયિકાના લક્ષ્મણ પ્રત્યેના વિચારો કાવ્યગાન બનીને જાણે કે વારંવા ભાવકચિત્તમાં પડઘાયા કરે છે. વતન તરફ જતી નાયિકા લક્ષ્મણના વિચારોમાં દિશાશૂન્ય બની મનોમન માફી માંગે છે. એના મનમાં લક્ષ્મણની યાદો ગીત બની ગૂંજી રહે છે. એ મનોમન બોલી ઊઠે છે- ''ધરા ઊંચે ચઢે કેમ આભ?''

પોતે સરનામા વગરની દુનિયામાં, નામ વગરની જિંદગીને વધુ ને વધુ સ્મરણો દ્વારા શ્રદ્ધાંજલિ આપતી હોય અને એ રીતે સંબંધોના શબ્દને સંદર્ભ આપતી હોય તેમ એકાએક કારમી ચીસ પાડી બોલી ઊઠે છે: ''લક્ષ્મણ-રેખા.'' અહીં પાત્રોને જુદાં પાડીને સંબંધોમાં ઊભી કરાતી ખાઈમાં દલિત સંદર્ભ વ્યક્ત થયો છે.

વાર્તામાં પિતાનો દંભી ચહેરો અને નાયિકાના ચકનાચૂર થઈ ગયેલાં અરમાનો સમયાંતરે આલેખાયાં છે. જે પિતા પર પોતાને વિશ્વાસ છે એ એક જ ક્ષણમાં સંબંધોનો વિરોધ કરી વેરવિખેર કરી નાંખે છે બધું. ત્યારે નાયિકા પાસે લક્ષ્મણનાં સ્મરણો સિવાય કશું જ બચતું નથી. સમાજે દોરી આપેલી લક્ષ્મણરેખા પોતે ઓળંગી શકે તેમ નથી. અહીં લક્ષ્મણરેખાનો ઐતિહાસિક સંદર્ભ વાર્તાને વધુ પ્રતીકાત્મક બનાવીને ધાર્યું નિશાન પાર પાડે છે. આખી વાર્તા વાંચીએ ત્યારે

આપણી સામે કોઈ દૃશ્ય ભજવાતું હોય એ રીતે વાર્તા નિરૂપાઈ છે. ચિત્રાત્મક શૈલી વાર્તારૂપે, દૃશ્યરૂપે ભાવકચિત્તમાં અમીટ છાપ છોડી ધારી અસર ઊભી કરે છે.

'ધારાવઈ' વાર્તામાં પુત્ર અને પિતાના વિદ્રોહનું આલેખન છે. ગામડાગામમાં વાર-તહેવારે દરેક વ્યક્તિની, દરેક જ્ઞાતિની જુદી જુદી ભૂમિકા હોય છે. પરંપરાના નામે ઘણીવાર શોષણ પણ થાય છે. એનાથી ઉફરા થવામાં કેવો વિરોધ સહન કરવો પડે અને પોતાના દીકરાના અપમાને કરસનડોસાના માનસમાં વિદ્રોહનો કેવો સૂર પ્રગટે છે એનું નિરૂપણ અસરકારક છે.

વાર્તાની શરૂઆતમાં કરસનડોસાની દૈનિક ક્રિયાનું નિરૂપણ જોવા મળે છે. સંવાદમાંથી જાણવા મળે છે તેમ ડોસા પોતાના દીકરા મેઘનાથની રાહ જુએ છે. પોતે વિચારોમાં ખોવાયેલા છે. વાતવાતમાં જાણવા મળે છે કે ગામમાં કોઈ પ્રસંગ ઉજવવાનો છે. હમણા તેડું આવશે ને જવાનું થશે એ વિચારે ઘડીભર ભૂતકાળ વાગોળે છે. પોતે નાના હતા ત્યારથી બાપાની આંગળી પકડી અનેકવાર ચોરે ગયેલા. કરસનડોસા પોતે પંચાયતના સભ્ય રહી ચૂકેલા. ઘણી પ્રપંચલીલાઓ જોઈ પણ એ એમને મંજૂર ન હતી. પોતે મોતી મેતરના દીકરા છે એ વાતનું ગૌરવ અનુભવે છે.

આજે દશેરા છે. સપરમે દાડે દીકરો પોતાની પાસે હોય એવું ક્યા મા-બાપ ન ઇચ્છે ? પોતે દીકરાની રાહ જોવાને બદલે મનોમન વિચારે છે. દીકરો કહીને ગયો છે કે ''હવે હું નંઈ આવું''(પૃ.૧૧૨) છેલ્લા એક વર્ષથી દીકરો આવ્યો નથી. આજે દશેરાનો તહેવાર છે. ગામના ઘરડાઓએ ગામનાં મંડાણ થયાં ત્યારથી ધારાવઈની પ્રથા પાડેલી છે. આ કામ આ જ જ્ઞાતિએ કરવાનું છે ને હવે પોતે ઘરડા થયા છે એટલે આ કામ દીકરાને કરવાનું છે. એને બોલાવ્યો પણ આ વર્ષે ન આવ્યો. વળી પાછો ભૂતકાળ પીછો કરતો હોય એમ પાછલા વરસની ઘટના વર્ણવાય છે. એ વર્ષે મઘનાથ આવ્યો ઉત્સાહથી આગળ ચાલ્યો ને સૌની આગળ

ફાળકો પકડી સૂતરના તાંતણે ગામ આખાને ધારાવઈ કરવા નીકળ્યો હતો. મેઘનાથને આ બધું ગમતું ન હતું ભૂવા-ડાકલાના પડકારે દેવને દારૂની ધાર ચઢાવતા જોઈને મનોમન આ પ્રથા સામે એ નફરત કરે છે. પોતે ઘૃણાપૂર્વક બધું જોઈ રહે છે. વિધિ કરતાં કરતાં એના પહેરવેશને લઈને મશ્કરી થાય છે: ''લ્યા કરશન ડોહાને બદલે, આ કોણ સામુંસઅ, બાલેટન બનીને?'' એની જાતિને લઈને પણ કહેવાય છે: ''હલકી વરણ ને.....અછકલાઈ ઘણી...'' (પૃ.૧૧૪) કહેવાયેલું અને ન કહેવાયેલું બધું પારખીને મેઘનાથ મનોમન ગુસ્સે ભરાય છે. ઘરે જાય છે ત્યારે તે બહાર કરતા અંદરથી વધારે થાકેલો છે. બાપા સામે પોતે વિદ્રોહ પોકારે છે અને વિચારોના ઘોડાપૂર મનમાં અંધાધૂંધી સર્જે છે. વેદનાસભર હૈયે મેઘનાથ વિદાય લઈને ગયો ત્યારે કહેતો ગયેલો: ''હવે હું નહિ આવું ફરી આ ગામમાં- !''(પૃ.૧૧૫)

ફરી ડોસા ભૂતકાળમાંથી બહાર આવે છે. એના મનમાં અનેક ઘટનાઓ એકસાથે આકાર લે છે. પ્રથા માટે ના પાડવામાં આવે તો શું પરિણામ આવે એની પોતાને ખબર છે એટલે જ સમાંતરે આવી ઘટનાઓને યાદ કરી લે છે. પોતે વાળંદની રાહ જોતાં જોતાં બેચેન બની ફરે છે. એવામાં વશરામ વાળંદ વાસના ઢાળે થઈ આવી ચડે છે ને કહે છે: ''કરશનકાકા હાલો, સરપંચ-સાયેબ બોલાવઅ સઅ, હઉ આવી જ્યાં સઅ'' (પૃ.૧૧૬) કરસનકાકાએ સાંભળ્યું ન સાંભળ્યું કર્યું ને ઉંબરા સામે તાકી રહે છે. વાળંદ દીકરાના ખબર પૂછતા કહે છે ''ઊંણ તમારો રેંગણો નથી આયો'' (પૃ.૧૧૬) તમે જલદી આવો, હું જાઉં છું. એમ કહેવા વાળંદને જતો જોઈ ડોસા ઊભા થાય છે. આંખે અંધારા આવે છે ને ઘડીવાર પોતાના જ ઘર પર હુમલો થતો હોય એવું બિહામણું દૃશ્ય નજરે આવે છે. ડોસા પોતે ઘરનો ઉંબરો ઓળંગે તે પહેલા જ મેઘનાથ પોતાને ના પાડી રહ્યો હોવાનો ભાસ થાય છે.

ડોસીના એક અવાજે પોતે ચમકીને ભાનમાં આવે છે ને ક્ષણભર વિચાર કર્યા વગર ફરી સાળમાં જઈ ગોઠવાઈ જાય છે ને વણતાં વણતાં ગાવા લાગે છે- ''સતની દોરી મેઘધારવે બાંધી હો જી...'' (પૃ.૧૧૭) વાર્તા અહીં પૂરી થાય છે પણ સનાતન પ્રશ્ન આભડછેટ અહીં ડગલે ને પગલે મૂર્ત થાય છે. જે જરૂરિયાતને પૂરી નિષ્ઠાથી નિભાવે છે ને જેને એની જરૂર છે છતાં એ લોકો દ્વારા કરસનડોસાના પરિવારને વાતવાતમાં કેવી રીતે હડધૂત કરવામાં આવે છે એ અહીં બખૂબી નિરૂપાયું છે. વિદ્રોહ અહીં નિરૂપાયો છે પણ એ અચાનક નથી આવતો. એ માટેનાં સબળ કારણો ઘણા સંવાદોમાં જોવા મળે છે. જેમ કે, ''અમે હઉ એને રેંગણિયો કહેતા.....પણ અવઅ....જોઓન ઓળખાય સખ.....કોઈ કે' કે સોકરો.........'' (પૃ.૧૧૪). ''અમે તો એના એ જ રહ્યા'' (પૃ.૧૧૬) એવી ખબર હોવા છતાં લાયકાત પ્રાપ્ત કર્યા પછી પણ વ્યક્તિને એના વરણના આધારે હલકો ચીતરવામાં આવે ત્યારે વિદ્રોહની ધાર કેવી બળકટ બને છે એ આ વાર્તામાં સત્વરે નિરૂપાયું છે. સંવાદોમાં એક પ્રકારનું તાટસ્થ્ય જોવા મળે છે. બોલીપ્રયોગ પણ અહીં પૂરી ક્ષમતાથી પ્રયોજાયો છે. ભાષાનું આવું સૌંદર્ય વાર્તાને સક્ષમ બનાવે છે. ગૂંજરું, બાલટેન, રેંગણિયો જેવા શબ્દો અને ''એ તો કરશન ડોહાનો સોકરો સઅ'' (પૃ.૧૧૪) જેવાં વાક્યો દ્વારા વ્યક્ત થતો વ્યંગ વાર્તાને દલિત સાહિત્યકૃતિ તરીકેની ઓળખ અપાવવા માટે ભારોભાર ખપમાં લાગે છે. દીકરાની વાટ જોતો બાપ અને વિદ્રોહ કરતો બાપ અહીં જુદા જુદા સ્વરૂપે વ્યક્ત થાય છે. જે દેવની ધારાવઈ કરે એને માન મળવું જોઈએ એના બદલે એના તરફ તુચ્છકાર વરસાવતી નજરો વાર્તાની ધારને મજબૂત કરે છે. 'ધારાવઈ' વાર્તાનો 'Sacred Thread'નામે અંગ્રેજીમાં નામે અનુવાદ થયો છે.[૫૪]

---

૫૪ વણકર ભી. ન., વિલોપન, પૃ.૯

"પૂર્વજોપનિષદ" વાર્તામાં સાપની વાત દ્વારા અસ્પૃશ્યતાનું આલેખન છે. વાર્તાની શરૂઆત સામાન્ય સંવાદથી થાય છે. વાસના તાણાવાડામાં સૌ સ્ત્રીઓ વાતો કરી રહી છે એ જ વખતે વાડામાં જાસૂદનું ફૂલ લેવા ગયેલો શામળિયો ત્યાં અટકી જાય છે. સપરમો દહાડો છે દિવાળી જેવો તહેવાર છે. પોતે તહેવાર મનાવવા વતનમાં આવ્યો છે. હવે પોતે નામ બદલી નાખ્યું છે 'સુનીલ સન્યાલ.' પણ વાસના લોકો એને શામળિયાના નામથી જ ઓળખે છે. વાર્તાનો આરંભ "અલી, હાંભર્યું કેશા પંડ્યા અ પૂર્વજ આભડચો ?" એવા પ્રશ્નાર્થથી થાય છે. અહીં એરુ આભડવાની વાત છે. શામળિયાને અહીં પોતાનું બાળપણ યાદ આવી જાય છે. નાનકીને કાળીનાગ કરડ્યાનું સ્મરણ થાય છે. એની બેનપણી એક દિવસ પાણી ભરવા જાય છે ત્યારે 'કુંડી કેમ અભડાવી' કહેતો શંકરીઓ એના પર ત્રાટકે છે ત્યારી રઈલી "ભૂંડીનો આભડી ગયો" એવું કહીને ભરેલો ઘડો ઝીંકી દે છે. સમાંતરે આવી ઘટનાઓની યાદ આવવાથી શામળિયાને તિરસ્કારની લાગણી જન્મે છે. શામળિયાનું ધ્યાન ફરી થઈ રહેલા સંવાદ તરફ જાય છે. ધૂળી ને બબલી વાતો કરી રહી છે. આખી વાતચીતમાં આભડછેટ શબ્દ પુનરાવર્તિત થયા કરે છે. શામળિયાને થાય છે કે, "આભડછેટનું ભૂત ચોર્યાસીના ખાતા જેવું છે." (પૃ.૧૨૧) શામળિયાને થાય છે, "દુનિયામાં સાપની જેટલી જાતો છે તેના દસમા ભાગના જ ભારતમાં છે અને તેનાય દસમા ભાગના ઝેરી છે પરંતુ સર્પદંશ કરતાં આભડછેટના દંશથી ભારતમાં વધારે માણસો મરે છે. કાળીનાગને કૃષ્ણે નાથ્યો હતો પણ માણસને...... ?" (પૃ.૧૨૧)

કેશાભાને સાપ કરડવાથી થાનકે લઈ ગયા પણ રોમાં રબારી ત્યાં કહે છે, "આ જ હું ના અડું. માતાનું નિવેદ અભડાય. બીજે લઈ જાઓ"(પૃ.૧૨૧)

આ રોમા રબારીના દીકરાને ઊંટાટિયો થયો ત્યારે કુંડનું પાણી પીવડાવવા લઈ જાય છે એ વખતે નથી અભડાતો ને અત્યારે અભડાવાનું બહાનું કાઢે છે.

વ્યક્તિ જીવનમરણ વચ્ચે ઝોલાં ખાય છે ત્યારે આવું સાવ તુચ્છ બહાનું કાઢવું એમાં માનવીય અભિગમ, વ્યક્તિના વરવા માનસનાં દર્શન થાય છે.

શામળિયાના મનમાં અનેક સંદર્ભો આકાર લે છે. એને કેશા પંડ્યાની સ્થિતિનો વિચાર આવે છે ને કલ્પનામાત્રથી પોતાને આંખે અંધારા આવે છે. એને વિચાર આવે છે કે સાપને ઝેરી ના બનાવી શકાય? પણ માણસ ઝેરી બનતો જાય છે તેનું શું? સાપ આભડે, માણસ અભડાય. પોતે વિચાર કરતાં જ અકળાય છે. આભડછેટને લગતા આવા બનાવોને યાદ કરી પોતે દુ:સ્વપ્નમાં સરી પડે છે. પોતે રુંવે રુંવે વિંધાઈ રહ્યો છે ને આંગણામાં ઢળી પડે છે ત્યાં કારમી ચીસ સાથે આંખ ઊઘડી જાય છે. બધા દોડી આવે છે. એટલામાં કેશા પંડ્યાની ખબર આવે છે કે તેઓ મા દાદાના થાનકે ખોળો ધરી બેઠા છે. શામળિયાને થાય છે કે આ આભડવું ને અભડાવાનો કોઈ ઉપાય જ નથી? એને થાય છે કે આનું સંકટમોચન ક્યારે, કેવી રીતે, કોણ કરશે? પ્રશ્નાર્થોની હારમાળા સાથે વાર્તા પૂરી થાય છે.

'પ્રશ્નોપનિષદ' વાર્તાનું શીર્ષક ઉપનિષદને વિશેષ અર્થમાં વ્યક્ત કરે છે. શીર્ષક પ્રમાણે વાર્તામાં પ્રશ્નો આલેખાયા છે તેનો કોઈ ઉકેલ નથી એવું નિરૂપાયું છે. અભડાવું અને આભડવું જેવા શબ્દો દ્વારા વ્યક્ત થતો ભાવ યોગ્ય રીતે નિરૂપાયો છે. અહીં બોલીપ્રયોગ ઓછો છે પણ જે કંઈ સંવાદો આલેખાયા છે એમાં જીવંતતા વ્યક્ત થાય છે. શબ્દકોશ, શબ્દની વ્યુત્પત્તિ, ધાર્મિક સંદર્ભ, વિજ્ઞાન આદિવિષયક પ્રયોગો વાર્તાકારની ભાષાને પ્રયોજવાની સૂક્ષ્મ સૂઝ દર્શાવે છે.

'વંટોળ'માં વાર્તાની નાયિકા જીવલીનાં અરમાનોથી વાર્તા આરંભાય છે. વનવગડે એકલી જતી જીવલીને કોઈની બીક નથી. સ્ત્રી હોવું અને નિર્ભય બનીને રહેવું એમાં એક પ્રકારનું જોમ છે. જીવલીમાં આવું જ જોમ ભર્યું છે. એ કોઈનાથી ડરે તેવી નથી. સીમમાં મોડું થઈ જતાં ડરવાની જગ્યાએ પોતે એકલી રખોપું કરે છે. વળતાં રસ્તામાં આવતી વાડીના હોજમાંથી બહાર કૂંડીમાં પડતા ધોધમાંથી પોતે

પાણી પીવે છે. પાછળથી શંભુડો એના પર ત્રાટકે છે. જીવલી એને છોડાવે છે ત્યાં ઓરડીની પાછળ સંતાઈને ઊભેલો ફતેસંગ પણ જીવલીના હાથનું દાંતરડું જોઈ ઊભા નેળિયે દોડ મૂકે છે ને પોતાનું કર્યું કારવ્યું કામ પાર ન આવતા ગામમાં આવી જીવલીએ કૂવો અભડાવ્યોની વાત ફેલાવે છે. જીવલી વિશે ન કરવાની વાતો થાય છે. ખબર પડતાં વાસના લોકો જીવલીને બચાવવા જાય છે પણ અહીં ખબર પડે છે કે જીવલીએ કંઈ ખોટું કામ કર્યું નથી પરંતુ માત્ર પાણી પીધું છે. આટલી અમથી વાતમાં મુખ્ય વાત નાયિકા જીવલીનું તાબે ન થવું એ છે. પણ, એની તરફેણ કરવાને બદલે જીવલીને કહેવામાં આવે છે કે, ''હવે શી આફત આવશે, આપણે માથે, ખબર છે તને ?'' (પૃ.૧૩૩) જીવલી કોઈના તાબે થાય એવી નથી ને જીવતર લાજે એવું જીવવા કરતાં લડી લેવાનું એને વધુ યોગ્ય લાગે છે. પોતે હાથમાં દાતરડું હિલ્લોળતી ચાલતી થાય છે. બધાના મનમાં એક જ ઉચાટ છે કે આ લોકો સાથે ક્યાં બાખડી બાંધી? બધાને કંઈ માઠું બન્યાનો જ ઉચાટ મનમાં હતો. ત્યાં જ ખબર પડે છે કે વાસ માથે આફતના ઓળા આવી પડ્યા છે. વાસમાંથી આગની જ્વાળાઓ નીકળે છે. અહીં વાર્તામાં અંતમાં જીવલીનું ફરી અસલ રૂપ છતું થાય છે. તે એકલે હાથે ત્રાડ પાડીને દોટ મૂકે છે વાસ તરફ.

આખી વાર્તા એકી શ્વાસે, તેજ ગતિએ કહેવાઈ હોય એમ માનસપટ પર અનોખી દૃશ્યાવલી સર્જે છે. વાર્તા નાયિકાપ્રધાન છે. દલિત જીવલીનો જુસ્સો સાહજિક લાગે છે. વાર્તાનું જમા પાસું તેનાં હૃદયંગમ વર્ણનો છે. આ વાર્તામાં બોલીપ્રયોગ નથી પણ ભાષા જે રીતે પ્રયોજાઈ છે તે પૂરા જોમ સાથે અભિવ્યક્ત થઈ છે. દા.ત. ''ધૂળની ડમરીઓ સાથે વગડો ઊડી રહ્યો હતો.''(પૃ.૧૨૮.) ભાષામાં જોવા મળતી પ્રતિક્રિયાત્મક ગતિ નાયિકાની વિચારસરણીને આબેહૂબ રજૂ કરે છે. દા.ત. ''કચકચાવ્યા હાળા બહુચરમાના બોકડા, કોઈ રોકેટોકે નહીં એટલે મનફાવે ત્યા રઝળી ખાવાનું ?''

આભડછેટનો પ્રશ્ન અહીં સામાન્ય બનાવમાંથી ઊભો કરવામાં આવે છે. જીવલી સાથે શારીરિક અડપલાં કે શરીરસંબંધ બાંધવા માટે આભડછેટ નથી નડતી પરંતુ લીધેલી હઠ બર ન આવતા આખા પ્રશ્નને આભડછેટ સાથે સાંકળી ચગાવાય છે અને બધું ધનોતપનોત કરવાની હદ સુધી આગળ વધે છે. વાર્તાનો અંત જોતા ખ્યાલ આવે છે કે અસ્પૃશ્યતાના પ્રશ્ને આ સમાજ પર કેવો અજગરભરડો લીધો છે. આખી વાર્તા સરળ ગતિએ ચાલે છે. ક્યાંય રસક્ષતિ થતી નથી. વાર્તામાં કહેવાનું છે એ જીવંતપણે કહેવાયું છે એમાં વાર્તાકારની સર્જનપ્રક્રિયા વિશેષ રીતે વ્યક્ત થાય છે. આભડછેટની વાત અહીં છે પણ પોતાની ઇજ્જત માટે માનવરૂપી ભૂખ્યા વરુઓને તાબે ન થતી જીવલીનું જોમ બળકટ રૂપે વ્યક્ત થયું છે.

ડૉ.સિલાસ પટેલિયા 'વિલોપનની વાર્તાસૃષ્ટિ' લેખમાં કહે છે: ''વંટોળમાં જીવલીએ કૂવો અભડાવ્યો એવી વાત ફેલાવીને એને બદનામ કરવામાં આવે છે પરંતુ એના પર બળાત્કાર ગુજારવાનો પ્રયાસ કરનારા બચી જાય છે ને એ વાત ઢંકાઈ જાય છે, પેલી કૂવો અભડાવ્યાની વાત ઉપર ઊઠે છે, પરંતુ જીવલી હારે તેમ નથી. એ આનો પ્રતિકાર કરે છે. એક દલિત સ્ત્રીનો આવો પ્રત્યાઘાત અહીં જે રીતે આવ્યો છે એ ધ્યાનપાત્ર છે.''[૫૫]

'વંટોળ' વાર્તાની 'અંતિમ બયાન' (હિન્દી, લે.કુસુમ વિયોગી) વાર્તા સાથે સરખામણી કરીને હરેશ પરમાર અને શિવદત્તા વાવલકરે સામાજિક સમસ્યાના મુદ્દાને ઉજાગર કર્યો છે[૫૬]. આ વાર્તાનો હિન્દી અનુવાદ 'બવંડર' શીર્ષકથી પ્રગટ થયો છે[૫૭].

---

૫૫. શબ્દસૃષ્ટિ, મે ૨૦૦૪, પૃ.૬૨

૫૬. સાહિત્યસેતુ, વર્ષ ૧, અંક ૬, નવે. ડિસે. ૨૦૧૧, પૃ.૧-૭

૫૭. બવંડર (હિન્દીમાં), મૂળ લે. ભી.ન.વણકર, અનુ. ઊર્મિલા વિશ્વકર્મા, સંપા. રમણિકા ગુપ્તા, ગુજરાતી સાહિત્ય મેં દલિત કલમ, રમણિકા ફાઉન્ડેશન, હજારીબાગ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૧, પૃ.૮૮.

સંગ્રહની છેલ્લી વાર્તામાં 'હજુ, હરણિયુંય આથમ્યું નથી...'નો આરંભ રાતના અંધારાથી થાય છે. દલિત સમાજ સામે આક્રોશ પ્રગટાવતો રામુ, અન્યાયનો સામનો કરતો રામુ ગામલોકોને કેવો ભારે પડે છે તેનું આલેખન છે.

વાર્તાની શરૂઆત જ સંઘર્ષથી થાય છે. ''તમે લોકો કેમ કંઈ બોલતા નથી? આપણો કાંઈ વાંકગુનો? બસ હરેક વાતે આપણો જ ગુનો અને આપણો જ બહિષ્કાર......! હામાં હા..........બસ માથું જ ધુણાવ્યા કરવાનું આપણે, મુંગા મોઢે?''(પૃ.૧૩૫) પણ બધા કહેતા હોય તો માનવું પડે એ ન્યાયે રામુને ચૂપ રહેવાનું કહેવામાં આવે છે. પણ રામુ ગાંજ્યો જાય તેમ નથી. એ સામે દલિલો કરે છે. એ કહે છે મારાથી હવે આ અન્યાય સહન નહીં થાય ત્યારે એને અકળાઈને ચૂપ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ આખી વાતમાં લેખક બહુ સહજતાથી ઘટનાનો અને વાર્તાવસ્તુનો ચિતાર આપી દે છે. પરિસ્થિતિ જોઈને ખ્યાલ આવે છે કે રામુ ભણેલો છે અને જાગૃત યુવાન છે.

હવે ધીરે ધીરે લેખક ઘટનાનું વર્ણન કરે છે. ગામલોકો સમીસાંજે પાડાને પસાયતામાં મૂકી જાય છે, પણ નામ કોણ દે? પાડાને હાંકવા જતા રામુ કૂવામાં પડે ને અવાવરું કૂવો અભડાઈ ગયો હોઈ પરિણામસ્વરૂપે દંડ કરવામાં આવે છે કે કૂવો પૂરવાનો થાય અને ન પૂરે તો મણ જાર ચબૂતરામાં નાખવી, કૂવાના માલિકને દંડ કરવાને બદલે, પાડાના માલિકને દંડ કરવાને બદલે રામુને દંડ કરવામાં આવે છે. આ અન્યાયનો સામનો કરવા જ રામુ કહે છે આપણે એક થઈ લડવું પડશે. ગામમાં જ્યારે બાપુની ઘોડી કૂવામાં પડે છે ત્યારે રામુને કૂવામાં ઉતારવામાં આવે છે. મુખીના છોકરાની વહુને બચાવવા પણ રામુ જ કૂવામાં કૂદી પડ્યો હતો. આ બધી ઘટનાઓ વખતે કૂવો નથી અભડાતો ને હવે આ જ વ્યક્તિથી કૂવો અભડાઈ જાય છે એનો વિરોધ છે. બધા કૂવો પૂરવાનું સમાધાનકારી વલણ અપનાવે છે પણ રામુ સખત વિરોધ કરે છે એ કહે છે ''તમે લોકોએ રામુને ઓળખ્યો નથી. હું ભણ્યો

છું. ઘેર ઘેર મારા જેવા રામુઓને તૈયાર કરવા ભણાવીશ, સૌને સંગઠિત કરીશ, ન્યાય માટે લડીશ'' (પૃ.૧૩૯) રામુ ઢાળ તરફ ચાલ્યો જાય છે. બધા મનાવવાનો પાછા વાળવાનો પ્રયત્ન કરે છે પણ રામુ પોતાનું ધાર્યું કરનારો યુવાન છે. ગામની અન્ય એક વ્યક્તિ રમણ માસ્તરને કહેવામાં આવે છે કે રામુને સમજાવીને પાછો વાળો. બધા ઢાળ તરફ ઉપડે છે. અંદરોઅંદર ચર્ચાઓ થાય છે. ગામમાં આખી વાત વીજળીવેગે પ્રસરે છે અને સામે ગામલોકો વિરોધ માંડે છે. ટોળું એકઠું થાય છે. જાતજાતના તર્કવિતર્ક વચ્ચે લાકડીના ટેકે ઊભેલા ભેંમાભા રામુની પ્રતીક્ષા કરી રહ્યા છે.

અહીં આક્રોશની પરાકાષ્ઠા છે. વાર્તાની શરૂઆત હવાડા આગળ માટી નાખવાની વાતથી શરૂ થાય છે. જે લોકો હવાડાને કોઈ પણ સંજોગોમાં અડે તો અભડાઈ જાય પણ અહીં ઘટના રામુ તરફી બનવાને બદલે એના વિરોધ રૂપે આગળ વધે છે. એક અન્યાયની ઓથે બીજા કેટલાય અન્યાય વાર્તામાં વણાતા જાય એને ઘટનારૂપ આપવામાં વાર્તાકાર પૂરી રીતે ખીલ્યા છે. અહીં શિક્ષિત વ્યક્તિની જાગૃતિ છે. એ બરાડી ઉઠે છે અને કહે છે, ''ક્યાં સુધી ધૃતરાષ્ટ્ર બની જીવશો? હવે ક્રાંતિ વિના શાંતિ નથી.......''(પૃ.૧૩૯) ગામના માસ્તર પણ કહે છે અન્યાય અને અત્યાચાર સામેની રામુની લડતને તમે બધા નહીં સમજો. (પૃ.૧૪૧) ક્યાંક ક્યાંક વાર્તામાં આવતાં સપાટ બયાનો અવરોધરૂપ લાગે છે. લેખકનો વાર્તામાં સીધો પ્રવેશ અને ફિલસૂફી જરા ભારેખમ લાગે છે. દા.ત. તમારું શું બગાડ્યું છે આ લોકોએ? ચોરી, કરચોરી કે દાણચોરી તો નથી કરતાને? ......પરસેવો પાડીને હક્કનું ખાઈ જીવતી આ શ્રમજીવી પ્રજા જાગશે ત્યારે જવાબ માગશે. હવે ક્યાં સુધી ગુલામ રાખશો? દેશ આઝાદ થયે અર્ધી સદી પૂરી કરી તોય? (પૃ.૧૪૧) વગેરે

'પડઘાતા મૌનની પેલે પાર....!' લેખકની સામયિકમાં પ્રકાશિત થયેલી કૃતિ છે.[૫૮] વાર્તાની શરૂઆત આકાશમાં ગોરંભાયેલાં વાદળોથી થાય છે. વાસના પ્રશ્નો હોય તો ચેતનને યાદ કરાય છે પણ સાધુ જેવા સાધુ મહાત્મા ચેતનના હાથે લોટ લેવા તૈયાર નથી. ગામમાંથી અમથાકાકા આવીને ''ઢાંઢું ઢળી પડ્યું સઅ એને ઢસડી જાઓ....'' કહે છે ત્યારે એ બેધ્યાન બની રહે છે અને જવાબમાં અમથાકાકાનો બબડાટ સાંભળી ગમગીન બની જાય છે. ચેતનને થતી ચિંતા પણ વાજબી છે. એને થાય છે: ''દૂધ-ઘી એ લોકો ખાય અને મરી ગયેલા ઢોરને ઢસડી જવાની વેઠ અમારે કરવાની? ના પાડો તો બીજી આફત સર્જાય (પૃ.૨-૭૧)'' વાસ છોડવો છે પણ વૃદ્ધ વિધવા મા બીમાર છે એને લઈને ક્યાં જાય? પોતે વિચારે છે ત્યાં આવા વિષાદભર્યા વાતાવરણમાં અનુ યાદ આવે છે. બે ઘડી હરખાય છે. અનુ સાથેનો ભૂતકાળ યાદ આવે છે.

નાયક-નાયિકા બંને જુદી જ્ઞાતિનાં પણ એક થવાના કોલ દઈ બેઠાં છે. એ ભાવિ સ્વપ્નોમાં ડૂબી જાય છે. પોતે મનોમન દલિત હોવાને લીધે, ગરીબ હોવાને લીધે હતાશ થઈ ગયો છે. અનુ એને દૃષ્ટાંત સાથે પ્રેરણા આપે છે કે, ''ચેતન! બાળાસાહેબે કઈ રીતે જેહાદ જગવી હતી? તારે તો માત્ર એમની કંડારેલી કેડીએ ચાલવાનું છે (પૃ.૨-૭૨)''

બંને વિચારવંત છે પણ આ બધા વિચારો ચેતનને દિવા-સ્વપ્નો જેવા લાગે છે. પોતે વિચારતા જ નિદ્રામાં સરી પડે છે અને સ્વપ્નમાં અનુ એને દૂરથી બૂમ પાડી રહી હોય એવો અહેસાસ થાય છે. બંનેના મીઠા-મધુર સંવાદ બાદ સ્વપ્નમાં જ બંને સઘળું ભાન ભૂલી જાય છે.

એવા સમયે બૂમો પાડતું ટોળું વાસમાં પ્રવેશે છે ને થોડીવારમાં ઝૂંપડું આગમાં લપેટાયેલું જુએ છે. થોડીવાર બાદ ચેતનના માથા પર ફટકા પડે છે. આ

---

૫૮. સ્વર્ણિમ ગુજરાત દીપોત્સવી વિશેષાંક, વિ. સં. ૨૦૬૬, પૃ. ૨-૭૧

બધુ સ્વપ્નની ટેકનિક વડે જ દર્શાવેલ છે. પોતે જાગી જાય પછી વાસ્તવની ભોંય પર પાછો પગ માંડે છે. મા એને આશ્વાસન આપે છે પણ ચેતનને આ બધું મૌનવત સમજાઈ રહ્યું છે. એ એવા જ નિસાસા સાથે મૌન બની જોયા કરે છે.

વાર્તામાં લેખકે ઘટના બહુ સામાન્ય કહી શકાય તેવી લીધી છે. બે યુવાન હૈયાંઓના પ્રેમની, પણ એમાંથી પ્રગટ થતો ધ્વનિ કાબીલેદાદ છે. સ્વપ્નની ટેકનિક અહીં બરોબર કામિયાબ નિવડે છે. સ્વપ્ન દ્વારા જ સૂચવાયું છે કે આ બંને યુવાન હૈયાંઓને સ્વપ્નમાં પણ એક થવાનો સંભવ લાગતો નથી એટલા બધા વાસ્તવથી દૂર છે. વાર્તાનું જમાપાસું તેનાં વર્ણનો છે. તું ઉનાળે મહોરેલો ગુલમહોર છે અને હું તારી કાલનું સ્વપ્ન છું.(પૃ.૨-૭૩) અન્ય સાહિત્યના સંદર્ભો પણ અહીં સમુચિત પ્રયોજાયા છે. દા.ત. અષાઢ મહિનાના પ્રથમ દિવસનું સવાર. આકાશમાં વાદળાં વિખરાઈ રહ્યાં છે. યક્ષ તેની પ્રિયતમાને એસ.એમ.એસ. કરી રહ્યો હશે.....(પૃ.૨-૭૩) લેખકની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ પણ ધ્યાનાકર્ષક છે. દા.ત. તારા ખુલ્લા શરીર ઉપર કાથીની આણના કેવા સોળ પડ્યા છે (પૃ.૨૭૩) વગેરે.

'પડઘાતા મૌનની પેલે પાર' વાર્તામાં પડઘાતો આભડછેટનો પ્રશ્ન અને નાયકનું મૌન અવિરત ભાવકમનમાં પડઘાયા કરે છે. દલિત વાર્તામાં જેવા મળતો વિદ્રોહનો સૂર અહીં નહિવત્ છે પણ દલિત સંદર્ભ જળવાયો છે. કલાકૃતિની દૃષ્ટિએ આ રચનાને માણવી ગમે તેવી છે.

''લીમડાની એક ડાળ મીઠી'' વાર્તા પણ ભી. ન. વણકરની અગ્રંથસ્થ વાર્તા છે.[૫૯] વાર્તાનાયક પ્રશાંત નોકરીએ જવા માટે રેલ્વેના પ્લેટફોર્મ પર ઊભો છે પણ આજે પ્લેટફોર્મ ખાલી જોઈને ચિંતિત થઈ જાય છે. છાપું જોતાં સમાચારમાં ચોમેર પ્રસરેલા અનામતની આગના ઓળા.....! એવું વાંચે છે ને રોષપૂર્વક છાપું બંધ કરી દે છે. ટ્રેનમાં બેઠા બેઠા પણ પોતે જુવે છે કે શહેર સૂમસામ છે. આવી સ્થિતિમાં

---

૫૯. ગુજરાત દીપોત્સવી વિશેષાંક, વિ. સં. ૨૦૬૭, પૃ.૨-૭૧

તેને ઋચા યાદ આવે છે. ઋચા નોકરી પર ન આવે તો સારું. કેમ કે શહેરમાંય કરફ્યુ હશે. આવી સ્થિતિમાંય જરૂરિયાતમંદ લોકો પ્લેટફોર્મ પર રખડે છે એ જોઈ વિચારે ચડી જાય છે. એને થાય છે પોતે પણ ન આવ્યો હોત તો સારું હતું. એને થાય છે કે ઋચા આજે આવવાની નહોતી તો કાલે કહ્યું કેમ નહીં? પોતાને ઘરની ચિંતા થાય છે. એક જ સોસાયટીમાં બંનેનાં ઘર છે પણ ક્યારેય એકબીજાને ઘરે જવા આવવાનું બન્યું નથી. પોતે સ્વપ્નવત્ બધું વિચારે છે, બંને એકબીજાનાં ઘરે શા માટે ન જઈ શકે એના સંવાદો સ્વપ્નશીલ સ્થિતિમાં ચાલ્યા કરે છે. પ્રશાંત અતીતમાં ખોવાઈ જાય છે ને ગાડીની વ્હીસલ વાગતાં ફરી વર્તમાનમાં આવે છે. બારીમાંથી બહાર જુએ છે. વાતાવરણ બિહામણું લાગે છે. ઘરે જતાં રસ્તામાં ચારે તરફ નજર કરતાં કોઈ દેખાતું નથી. સોસાયટી પાસે પોલીસ જોઈ ઉતાવળે ચાલ્યો પણ 'ખડે રહો કરફ્યુ હૈ' એવું સાંભળી કંપી ઉઠે છે. પૂછપરછ પછી પોતે 'સર્વોદય' સોસાયટીમાં જવાનું કહે છે પણ એ બાજુ જવાની મનાઈ ફરમાવે છે. આઈ-કાર્ડ જોયા પછી એને જવા દેવામાં આવે છે. ઘરે પહોંચતા વૃદ્ધ મા-બાપ ચિંતાતુર હૈયે ખબર પૂછે છે. પણ પરિસ્થિતિ જોતા પ્રશાંત પૂછે છે. 'આ શું થઈ ગયું?' પણ પછી ખબર પડે છે કે નાયકના ઘર ઉપર ટોળાનો હુમલો થતા ઋચા જ વાઘણ બનીને બધાને બચાવે છે, લોકોને ભગાડે છે. પ્રશાંતને આવા સમયે અર્ધબેહોશ જોઈ ઋચા માથું ખોળામાં મૂકી, દુપટ્ટા વડે પવન નાંખી, પરસેવો લૂંછી પાણી છાંટે છે, પાણી પીવડાવે છે. પ્રશાંત ગદ્ગદ્ થઈ જાય છે. ઋચા પોતે પ્રશાંતના ગાલ પર હળવેથી હાથ પ્રસારી રહી હતી. મા-બાપ પણ સજળનેત્રે ઊભાં રહી, વ્યાકુળ હૈયે વિસ્મયથી ઘટાદાર લીમડાની ઝૂકીને લહેરાઈ રહેલી ડાળ સામે ટગર ટગર જોઈ રહે છે.

અહીં વાર્તા પૂરી થાય છે. અંત ભાગમાં લીમડાની ઝૂકેલી ડાળને પ્રતીકરૂપે બતાવીને 'મધુરેણ સમાપયેત્' એવો અંત આલેખ્યો છે. વાર્તામાં ઓતરાદા-

દખણાદાની વચ્ચે જાતિવાદના વેરઝેરને તારસ્વરે નથી આલેખ્યું પણ આરંભમાં કહ્યું છે તેમ 'ચેતતા રહેવું સારું' એવી ચિંતા વ્યક્ત થઈ છે. અહીં દલિત હોવાને લીધે સોસાયટીના ઘરને કેવી રીતે ટાર્ગેટ બનાવાય છે તેવો દલિત સંવેદનનો સૂર જોવા મળે છે. દલિતની સાથે સાથે નારીવાદનો સૂર પણ સમાંતરે પડઘાયા કરે છે. વાર્તામાં વર્ણનો, સંવાદો રોચક છે. જેમ કે 'ઋચા અમે તો નીંભાડામાં ખડકાયેલા, સૂકા બાવળનાં લાકડાં છીએ અને તું લીલી નાગરવેલ છે. તારું શું થશે?' (પૃ.૨-૭૨) વાર્તામાં ઐતિહાસિક સંદર્ભો પણ જોવા મળે છે. દા.ત. 'બહુ ચિબાવલી થા મા! કર્ણ જેવા કર્ણને પણ દ્રૌપદીએ અપમાનિત કર્યો હતો, આખરે તો?' અલબત્ત આવા સંવાદો ધારી અસર ઊભી કરી શકતા નથી. (પૃ.૨-૭૨) આ ઉપરાંત લેખકની 'પુનઃઅવતરણ' શીર્ષકથી લખાયેલી અગ્રંથસ્થ વાર્તા મળે છે જેમાં મા-દીકરાનો સ્નેહ, ગામનું સ્મરણ, ભેદભાવ, દલિત સમસ્યા વગેરે વર્ણવાયાં છે.[૬૦]

આમ, 'વિલોપન' વાર્તાસંગ્રહમાં દલિત, પીડિત, શોષિત સમાજની વાસ્તવિક છબી જોવા મળે છે. એમાં પ્રગટ થતું માનવસંવેદન પોતીકું બની રહે છે. લેખકની સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા દરેક વાર્તામાં જોવા મળે છે. એમાં પ્રગટ થતી માનવવ્યથા, આક્રોશ કોઈ એક જાતિ પૂરતો સીમિત ન બની રહેતા દરેકને સ્પર્શે છે. ઘટના, પાત્રો, વાર્તાનું વસ્તુ, વર્ણનો ઇત્યાદિ કલાકીય ધોરણે પાર ઊતરે છે. વાર્તાઓમાં ઉત્તર ગુજરાતની ભાષાનો લહેકો એને અનેરું સૌંદર્ય બક્ષે છે.

ડૉ. સિલાસ પટેલિયા કહે છે, ''આ વાર્તાઓમાં દલિતવર્ગની જે દુનિયા છે એનાં કથાનકો છે, એને પ્રગટ કરવા યોગ્ય એવી બળુકી ભાષાશૈલી છે અને અપાર માનવીય કારુણ્ય જન્માવી કળાનો સુપેરે અનુભવ કરાવતું ઘેરું સંવેદન છે.''[૬૧] ઘણી જગ્યાએ પાત્રની મનોવ્યથા કવિતાશાઈ ઢબે આલેખન પામી છે. દા.ત. 'ઘડીકમાં લહેરાતું ખેતર પોઢી ગયું', 'થોરની વાડનાં પાંદડાં તોડતો જતો હતો' જેવા

---

૬૦. ગુજરાત દીપોત્સવી અંક, વિ.સં. ૨૦૭૨
૬૧. શબ્દસૃષ્ટિ, મે ૨૦૦૪, પૃ.૬૨

વાક્યમાં વ્યક્ત થતી પ્રતીકાત્મક ક્ષણો ભાવકને હલબલાવી નાખે છે. જ્યા ક્ષીર સિવાય કશું ન મળે એવા થોરનું દૃષ્ટાંત અહી ધાર્યો અર્થ પાર પાડે છે. 'વતન' વાર્તામાં 'ખેતર તરફ રસ્તો ફૂટવા માંડ્યો' જેવા વાક્ય દ્વારા કોઈ કાવ્યના વિશ્વમાં પ્રવેશતા હોઈએ એમ ચોક્કસ લાગે.

ભી. ન . વણકરની વાર્તાઓમાં આવતી સમસામયિક ઘટનાઓ, પરિવેશ, સ્થળકાળ, પાત્રોનાં વર્તન, આદતો ઇત્યાદિને લેખક તટસ્થભાવે આલેખે છે. પાત્રોની ભાષા, બોલીનો પ્રયોગ એના મનોજગતને ઉપસાવવામાં અસરકારક સાબિત થાય છે. 'વિલોપન' વાર્તાસંગ્રહનાં પાત્રો સંદર્ભે વાત કરતા ડૉ. સિલાસ પટેલિયા કહે છે કે, ''પાત્રોનું મનોગત અને અંતે પાત્રોની વેદનાની પરાકાષ્ઠા જે રીતે અભિવ્યક્ત થાય છે, એ આખા વર્ગની સંવેદનાને મુખરિત કરે છે. આખા વર્ગના આક્રોશને મુખરિત કરે છે.''[૬૨] ડૉ. સિલાસ પટેલિયા કહે છે ''અહીં મોટાભાગની વાર્તાઓમાં સંવાદાત્મક રીતિ અખત્યાર કરવામાં આવી છે. સંવાદો પણ તળપદ ભાષા-બોલીના સ્તરે છે ને એમાં ઔચિત્ય એ અર્થમાં છે કે અહીં સર્જકે દલિત પાત્રોના મનોગતને પ્રગટ કરવું છે ને સામે એવું જ પાત્ર છે, પરિવેશ છે તેથી આ કોટિના, આવી બોલીની ભાષા-તરાહો અહીં પાત્ર-પરિસ્થિતિ અને ઘટનાના તાણાવાણાને પ્રગટ કરવા માટે યોગ્ય નીવડે છે.''[૬૩]

વર્ષો પછી વતનમાં આવનાર પાત્રોનું વ્યક્તિત્વ બદલાય છે પણ વતનનું પોતાનું ગામ હજુ ત્યાંનું ત્યાં છે એ આ વાર્તાઓમાં (વતન, ધારાવઈ) જુદા-જુદા સંદર્ભોમાં રજૂ થાય છે. દલિત સમાજની વ્યથા-વેદના, વિદ્રોહ, દલિત સમાજની પ્રગતિ, જાગૃતિની સાથે સમાજમાં પ્રવર્તતા રૂઢિચુસ્ત ખ્યાલો વગેરે પાસાંઓને વાર્તાકારે સમાંતરે વણી લીધાં છે. સમગ્ર દૃષ્ટિએ જોવા જઈએ તો ઘટના અને એનું

---

૬૨. શબ્દસૃષ્ટિ, મે ૨૦૦૪,પૃ.૬૨

૬૩. એજન

વાર્તામાં થતું કલાત્મક રૂપાંતર, કહેવત-રૂઢિપ્રયોગોનો પ્રયોગ, સરળ ભાષાશૈલી અને પ્રતીકાત્મક અભિવ્યક્તિ, લય-લહેકાનો નરવો પ્રયોગ ભી. ન. વણકરની વાર્તાઓને વારંવાર વાંચવા અને અભ્યાસ કરવા પ્રેરે છે.

--------------------